પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૩૨, કુલ પાના:૪, તારીખ: ૨૬-૦૫-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 232 PRICE :-RS. 1.50 DATE : 26-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678



પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ગુજરાતમાં ૧ જૂલાઈ થી શરૂ થશે ધો. ૧૨ની પરીક્ષા, ૬.૮૩ લાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે

ગાંધીનગર,

ધોરણ ૧૨ની પરીક્ષાને લઈને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, સીએમ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય મીટિંગમાં નક્કી થયું છે કે ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૨ની પરીક્ષાઓ હાલની પધ્ધતિ પ્રમાણે લેવામાં આવશે. વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ ૧-૭-૨૧ ગુરુવારથી ચાલુ થશે. સમગ્ર રાજ્યમાં ૧ લાખ ૪૦ હજાર વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં, ૫.૪૩ લાખ વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહમાં એમ કુલ ૬.૮૩ લાખ



વિદ્યાર્થીઓ પરીક્ષામાં ભાગ લેશે.

વિજ્ઞાનપ્રવાહ ભાગ ૧ ૫૦ ગુણની બહુવિકલ્પ MCQ પદ્ધતિ અને ભાગ ૨ ગુણાત્મક ૫૦ ગુણની ૩ કલાકની પરીક્ષા રહેશે. આ જ રીતે સામાન્ય પ્રવાહની ૧૦૦ ગુણની વર્ણનાત્મક પરીક્ષા લેખિત અભ્યાસક્રમની ૩ કલાકની રહેશે. સંપુર્ણ SOPનું પાલન કરવામાં આવશે તે પ્રમાણે કડક સૂચના આપી છે. સરકાર વિદ્યાર્થીનું સ્વાસ્થ્ય, ભાવિ અને કેરિયર ત્રણેયનું ધ્યાન રાખે એવી સૂચના સીએમ રૂપાણીએ આપી છે.

SOP પ્રમાણે પરીક્ષાખંડમાં ૨૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. હાલની વ્યવસ્થામાં પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષા ખંડોમાં જરૂરી વધારો કરવામાં આવશે. વિદ્યાર્થીને પોતાના નિવાસસ્થાનની નજીકમાં નજીક તાલુકા મથકે પરીક્ષા કેન્દ્ર મળી રહે તેવી સૂચના સીએમ રૂપાણીએ આપી છે. કોરોનામાં કોઈપણ કારણોસર વિદ્યાર્થી ગેરહાજર રહેશે તો ૨૫ દિવસ બાદ સમયપત્રક અને નવા પ્રશ્નપત્ર આધારે પરીક્ષાની તક આપવામાં આવશે.

ધોરણ ૧૦ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે. આ ઉપરાંત ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યા બાદ પરીક્ષા ફી પરત આપવાના પ્રશ્નને લઈને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, આ મામલે વાલીઓ અને સંચાલકો સાથે બેઠક કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય રીતે લેવાતી પરીક્ષાની રીતે પરીક્ષા લેવા જાય તો ત્રણ કલાકનો સમય જોઈએ. જોકે વૈકલ્પિક અને ટૂંકા પ્રશ્નોના પરીક્ષા પદ્ધતિમાં ૯૦ મિનિટમાં પરીક્ષા આપવાની રહે છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને બંને વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ કરવાનું કહેવામાં આવ્યું છે. જોકે કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યનો શિક્ષણ વિભાગ વિકલ્પ પસંદ કરશે.

## રાજ્ય સરકારનો નિર્ણય : ધો. ૧૦ના ૩.૫૦ લાખ વિદ્યાર્થીઓને ૬.૪૭ કરોડ ફી અપાશે પરત

ગાંધીનગર,

વિદ્યાર્થીઓ અને વાલીઓના હિત માટે વધુ એક વખત ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય કર્યો છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરીને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય સામે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશી ની સાથે કેટલાક પ્રશ્નોને લઈને અવઢવ જોવા મળી હતી. પરંતુ હવે જેમાંથી એક અતિ મહત્વનો પ્રશ્નને ફી ને લઈને હતો. આ પ્રશ્ન પર વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા અને દૂર કરતા રાજ્ય સરકાર દ્વારા ૩.૫ લાખ વિદ્યાર્થીઓને ફી પરત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને માત્ર મોત થઈ રહ્યું છે ત્યારે ૬.૪૭ કરોડની ફી પરત કરવા માટે રાજ્ય સરકારે તૈયારી દેખાડી છે. જેને લઈને વાલીઓની ચિંતામા મહદઅંશે ઘટાડો થશે.

રાજ્ય સરકારના નિર્ણયના પગલે વાલીઓમાં હાશકારો જરૂર જોવા મળે છે પરંતુ હજુ કેટલાક પ્રશ્નો યથાવત જોવા મળ્યા છે, ત્યારે આગામી દિવસોમાં તેનો પણ વહેલી તકે ઉકેલ આવી જશે તેવું સરકારની વર્તમાન નીતિ પરથી લાગી રહ્યું છે.બીજી તરફ તમામ પાસ થયેલા વિદ્યાર્થીઓને ધોરણ ૧૧મા પ્રવેશ આપવાને લઈને સવાલ ઊભા થયા છે. હાલ ગુજરાતમાં ધોરણ ૧૧ના ૬ લાખ વિદ્યાર્થીઓ માટે જ વ્યવસ્થા છે ત્યારે ૯.૫૦ લાખમાંથી ૫૦ હજાર વિદ્યાર્થી ડિપ્લોમાં કે અન્ય ક્ષેત્ર પસંદ કરે તો પણ ૯ લાખ વિદ્યાર્થીનો સવાલ ઊભો રહે.૬ લાખની વ્યવસ્થાની સામે ૯ લાખ વિદ્યાર્થીને પ્રવેશ આપવો એ અત્યારે સૌથી મોટી મૂંઝવણ છે.

સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં વધુ એક વખત નિર્ણય લેવામાં આવ્યા બાદ વાલીઓની આશા પણ વધારો થયો છે ત્યારે અન્ય પણ ઉકેલાયેલા પ્રશ્નોનો પણ સત્વરે ઉકેલ આવે તેમ વાલીઓમાં ચર્ચા જોવા મળી રહી છે.વિદ્યાર્થીઓને માસ પ્રમોશન તો આપી દેવામાં આવ્યું, પરંતુ તેમને માર્ક્સ કઈ રીતે આપવા તથા માર્ક્સ આપ્યા બાદ હોંશિયાર વિદ્યાર્થી સાથે અન્યાય અને નબળા વિદ્યાર્થીને ફાયદો થાય એવી પણ પરિસ્થિતિ થશે અને આ પરિસ્થિતિને કારણે ધોરણ ૧૧ની પ્રવેશ પ્રક્રિયામાં મુશ્કેલીઓ ઊભી થશે.ધોરણ ૧૧માં સાયન્સ/કોમર્સ/આર્ટ્સ એમ ત્રણ અલગ અલગ ક્ષેત્રમાં પ્રવેશ આપવામાં આવશે. ત્યારે કોઈ એક ક્ષેત્ર પર ભાર વધવાની શક્યતા છે. વધુ વિદ્યાર્થીઓ સાયન્સક્ષેત્ર પસંદ કરે ત્યારે છ અને મ ગ્રુપમાં પ્રવેશ આપવા માટે પણ મુશ્કેલી થશે. માસ પ્રમોશનને કારણે કોમર્સ અને આર્ટસ ક્ષેત્રમાં ઓછા વિદ્યાર્થીઓ એડમિશન લેશે અને સાયન્સ પર ભારણ વધશે.

## રાજ્યમાં ૨૭-૨૮ મેએ વાવાઝોડા સાથે કમમોસી વરસાદની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં તૌકતે વાવાઝોડાએ વિદાય લીધી છે. સાપ ગયાને લિસોટા રહ્યા તેની જેમ હજી પણ ગીરસોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લાને વાવાઝોડાની કળ નથી વળી. હાલ સરકાર રાહત અને સર્વેની કામગીરી ચલાવી રહી છે. ત્યાં હવામાન વિભાગે ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી કરી છે. ૨૭થી ૨૮ વચ્ચે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.



વલસાડ, નવસારી, દમણ, દાદરાનગર હવેલીમાં વરસાદ થશે. આ ઉપરાંત ઉત્તરગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને દીવમાં સુક્કું વાતાવરણ રહેશે. આ ઉપરાંત અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં વાવાઝોડા સાથે વરસાદી માહોલની આગાહી કરવામાં આવી છે. હાલમાં દક્ષિણ પશ્ચિમ દિશાના પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે ભેજનું પ્રમાણ સવારે ૭૯ અને સાંજે ૪૯ ટકા ઉંચુ રહે છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે. મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી રહેશે. ત્યાર બાદ ૨થી૩ ડિગ્રી તાપમાન વધવાની શક્યતા છે. અત્રે નોંધનીય છે કે, ભેજયુક્ત વાતાવરણનાં કારણે લોકો પરસેવે રેબઝેબ થાય છે. ગરમી, બફારાનો અનુભવ થાય છે. જો કે હાલ વૈશાખ મહિનો ચાલી રહ્યો છે ત્યાં જ કમોસમી વરસાદના કારણે ઠંડક થઈ ગઈ છે.

હાલમાં દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન નીચલા સ્તરે ફૂંકાઈ રહ્યો છે જેથી ભેજનુ પ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૪૯ ટકા જેટલુ રહે છે. હવામાન ખાતાની આગાહી મુજબ અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી રહેશે. વિભાગે વધુમાં જણાવ્યુ કે મહત્તમ તાપમાનમાં આગામી ૨૪ કલાક સુધી કોઈ ફેરફાર થશે નહિ.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં થોડા દિવસ પહેલા જ વાવાજોડુ તૌકતે ત્રાટક્યુ હતુ જેના કારણે રાજ્યમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ પડ્યો હતો. જે બાદ હવે હવામાન ખાતા દ્વારા આગામી બે દિવસ માટે ફરીથી વરસાદની આગાહી કરવામાં આવી છે. થન્ડર સ્ટૉર્મની અસરને પગલે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. બે દિવસ વરસાદ પછી ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કાળઝાળ ગરમીનો અહેસાસ થશે. તમને જણાવી દઈએ કે વાવાઝોડાના કારણે થયેલા ભારે વરસાદને પગલે ખેડૂતોને ખૂબ નુકશાન થયુ હતુ. આંબા સહિત બીજા ઘણા પાક લેતા ખેડૂતોને ખૂબ નુકશાન થયુ હતુ તેવા સમયે ફરીથી કમોસમી વરસાદની આગાહીએ ખેડૂતોની ચિંતામાં વધારો કરી દીધો છે.

## કોરોના તો કંઈ નથી, આનાથી પણ ભયંકર વાયરસ હજુ આવશે :WHOની ચેતવણી

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ સંકટની વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મહાનિર્દેશક ટેડ્રોસ અધનોમ ઘેબ્રેયેસસે જીવલેણ વાયરસને લઈને ખતરાની ગંભીર ચેતવણી આપી છે. WHOના તમામ ૧૯૪ દેશોના સ્વાસ્થ્ય મંત્રીઓની વાર્ષિક બેઠકમાં ટેડ્રોસ અધનોમે આ ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, ‘‘આ દુનિયા અત્યારે અત્યંત ખતરનાક સ્થિતિમાં રહેશે.’’ તેમણે અમેરિકા જેવા દેશોને ચેતવણી આપી કે ઝડપથી કોરોના વાયરસ વેક્સિન લગાવ્યા બાદ પણ ખતરો ખત્મ નહીં થઈ જાય.




WHO ચીફે કહ્યું કે, જ્યાં સુધી કોરોના વાયરસ અને તેના વેરિયન્ટ ફેલાઈ રહ્યા છે, તેવામાં શિથિલતા વર્તમા માટે કોઈ જગ્યા ના હોવી જોઈએ. તેમણે કહ્યું કે, ‘‘કોઈ ભૂલ ના કરો, આવું અંતિમવાર નથી થવા જઈ રહ્યું જ્યારે દુનિયા મહામારીના ખતરાનો સામનો કરી રહી છે. આ ચોક્કસ છે કે વધુ એક વાયરસ આવશે જે આ કોરોના વાયરસની સરખામણીએ વધારે સંક્રામક અને ઘાતક હશે.’’ ટેડ્રોસે કોરોના વેક્સિનની જમાખોરી કરનારા દેશોને પણ ખખડાવ્યા.

તેમણે કહ્યું કે, કોરોના વાયરસ વેક્સિનના વિતરણને લઈને ‘અપમાનજનક અસમાનતા’ પેદા થઈ ગઈ છે. દુનિયાની કુલ ૭૫ ટકા કોરોના વેક્સિનને દુનિયાના ફક્ત ૧૦ દેશોમાં જ લગાવવામાં આવી છે. તેમણે કહ્યું કે, ગરીબ દેશોમાં લોકોનો જીવ બચાવવા માટે નવા ટાર્ગેટ સેટ કરવામાં આવ્યા છે. તેમણે વેક્સિન સંગ્રહનારા દેશોને વિનંતી કરી કે તેઓ ગરીબ દેશોને વેક્સિન દાન કરે. WHO પ્રમુખનું આ નિવેદન એવા સમય પર આવ્યું છે જ્યારે આખા વિશ્વમાં કોરોનાના કેસ વધીને ૧૬.૭૧ કરોડ થઈ ગયા છે. આ મહામારીથી અત્યાર સુધી કુલ ૩૪.૬ લાખ લોકોના મોત થયા છે.

## પેટ્રોલ-ડિઝલના ભાવમાં ફરી ભડકો, ગુજરાતના શહેરોમાં લિટરે ૯૦ પાર

અમદાવાદ,

સરકારી ઓઈલ કંપનીઓ આજે પેટ્રોલ-ડિઝલના ભાવમાં ફરી વધારો કર્યો છે. ઘર આંગણે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં પ્રતિ લિટર ક્રમશઃ ૨૬ અને ૨૯ પૈસા મોંઘુ થયું છે. પેટ્રોલ-ડિઝલના ભાવ સોમવારે સ્થિર હતા. જો કે રવિવારના રોજ ભાવમાં વધારો થયો હતો.

ગુજરાતના મુખ્ય શહેરોમાં પ્રતિ લિટર ભાવની વાત કરીએ તો સુરતમાં પેટ્રોલ રૂ.૯૦.૫૪ અને ડિઝલ રૂ.૯૦.૮૮, અમદાવાદમાં પેટ્રોલ રૂ.૯૦.૫૪ અને ડિઝલ રૂ.૯૦.૮૭, વડોદરામાં પેટ્રોલ રૂ.૯૦.૨૪ અને ડિઝલ રૂ.૯૦.૫૭ તેમજ રાજકોટમાં પેટ્રોલ રૂ.૯૦.૨૪ અને ડિઝલ રૂ.૯૦.૫૮નું છે.

મે મહિનામાં અત્યાર સુધીમાં કુલ ૧૩ દિવસ ભાવ વધી ચૂકયા છે. પેટ્રોલ-ડિઝલના ભાવ રેકોર્ડ સપાટી પર છે. મુંબઈમાં તો પેટ્રોલ ૧૦૦ની બિલકુલ નજીક પહોંચી ગયું છે. તો રાજસ્થાન અને મધ્યપ્રદેશ બંને રાજ્યોના કેટલાંય શહેરોમાં ભાવ આસમાને છે. અહીં પેટ્રોલના ભાવ પ્રતિ લિટર ૧૦૦ને ક્રોસ કરી ગયા છે.

આપને જણાવી દઈએ કે પેટ્રોલ અને ડિઝલના ભાવ દરરોજ વિદેશી ચલણોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવના આધાર પર અપડેટ થાય છે. રેટ રજૂ કરતા પહેલાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ભાવની સમીક્ષા કરે છે અને ત્યારબાદ ભાવ નક્કી કરાય છે. તેની સાથે જ ભારત પેટ્રોલિયમ, ઈન્ડિયન ઓઈલ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ તેલ કંપનીઓ દરરોજ સવારે તમામ શહેરોના પેટ્રોલ અને ડિઝલના ભાવની માહિતી આપે છે.

## રાજ્યોને ત્રણ દિવસમાં રસીના ૪૮ લાખ ડોઝ અપાશે કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાવાયરસ મહામારીની બીજી લહેર ચાલી રહી છે અને કેન્દ્ર સરકાર રસીકરણ અભિયાન ને ગતિશીલ બનાવવા માંગે છે અને એટલા માટે જ આગામી ત્રણ દિવસમાં રાજ્ય સરકારોને રસીના ૪૮ લાખ ડોઝ આપવામાં આવશે અને રસીકરણ અભિયાનને ઝડપી બનાવવામાં આવશે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. મંત્રાલયના પ્રવકતાએ એવી માહિતી આપી છે કે અત્યાર સુધીમાં રાજ્ય સરકારોને ૨૧.૮૦ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે અને હજુ પણ જેમ જેમ જરૂરિયાત ઊભી થશે તેમ તબક્કાવાર તેમને પુરવઠો આપવામાં આવશે. રાજ્ય સરકારોને જે કુલ પુરવઠો અપાય છે તેમાંથી ૨૦ કરોડ ખોરાકનો ઉપયોગ થયો છે અને તેમાં નાશ પામેલી ખોરાક નો પણ સમાવેશ થઈ જાય છે. અનેક રાજ્યોમાં મોટા પ્રમાણમાં રસીનો બગાડ થયો હતો અને ત્યાર બાદ કેન્દ્ર સરકાર દ્વારા આવી રાજ્ય સરકારોને ચેતવણી પણ આપવામાં આવી હતી. આરોગ્ય મંત્રાલય દ્વારા એવી માહિતી પણ આપવામાં આવી છે કે દેશમાં રસીકરણ અભિયાન ના સોમવારે પૂરા થતાં ૧૨૯ મા દિવસે હજારો લોકોને રસી આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૧૯.૮૪ કરોડ લાભાર્થીઓને ખોરાક આપવામાં આવી છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧.૯૫ લાખ નવા કેસ, ૪૨ દિવસમાં સૌથી ઓછા : ૩૪૯૬નાં મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડી રહી છે. સોમવારે ૧ લાખ ૯૫ હજાર ૬૮૫ લોકોમાં સંક્રમણની પુષ્ટિ થઈ હતી. આ આંકડો છેલ્લા ૪૨ દિવસમાં સૌથી ઓછો છે. આ પહેલાં ૧૩ એપ્રિલ ૧ લાખ ૮૫ હજાર ૩૦૬ લોકો કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું.

જોકે મૃત્યુઆંક સરકાર અને લોકો માટે ચિંતાનું કારણ છે. સોમવારે દેશમાં ૩,૪૯૬ લોકોએ કોરોનાને કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. રાહતની વાત છે કે આ દરમિયાન ૩ લાખ ૨૬ હજાર ૬૭૧ લોકોએ કોરોનાને માત આપી હતી. આ રીતે એક્ટિવ કેસની સંખ્યામાં, એટલે કે સારવાર લઈ રહેલા દર્દીઓમાં ૧ લાખ ૩૪ હજાર ૫૭૨નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

દેશનાં ૧૯ રાજ્યમાં પૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. તેમાં હિમાચલ પ્રદેશ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, મિઝોરમ, ગોવા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને પુડુચેરી સામેલ છે. અહીં અગાઉના લોકડાઉન જેવા જ કડક પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે.

દેશનાં ૧૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે, એટલે કે અહીં પ્રતિબંધો તો છે જ, જોકે છૂટ પણ છે. એમાં પંજાબ, જમ્મુ-કાશ્મીર, લદાખ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, નાગાલેન્ડ, આસામ, મણિપુર, આંધ્રપ્રદેશ અને ગુજરાત સામેલ છે.

આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કાલે મીડિયા સાથે વાત કરીને માહિતી આપી હતી કે જિલ્લા સ્તરે પણ કોરોના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે કારણકે ૩ મે સુધી જે રિકવરી રેટ ૮૧.૭ ટકા હતો તે હવે વધીને ૮૮.૭ ટકા થઈ ગયો છે.

સોમવારે રાજધાની દિલ્હીમાં પણ કોરોનાના ૧૫૫૦ કેસ સામે આવ્યા હતા કે જે રવિવારની તુલનામાં ઘણા ઓછા હતા. દિલ્હીમાં હાલમાં સક્રિય કેસ ૨૪૫૭૮ કેસ છે. વળી, દિલ્હીમાં સંક્રમણનો દર ૨.૫૨ ટકા પહોંચી ગયો છે. વળી, રિકવરી રેટ ૯૬.૬૧ ટકા થઈ ગયો છે કે જે રાહતના સંકેત છે. તમને જણાવી દઈએ કે ૩૦ માર્ચ બાદ સોમવારે કોરોનાના સૌથી ઓછા કેસ દિલ્હીમાં નોંધવામાં આવ્યા હતા. જો કે દિલ્હીમાં એક સપ્તાહ માટે લૉકડાઉન ફરીથી લંબાવવામાં આવ્યુ છે.

## કોરોનાની બીજી લહેરમાં મોદી સરકાર આપી શકે છે મોટુ રાહત પેકેજ

ન્યુ દિલ્હી,

કોરોનાકાળની બીજી લહેરથી દેશભરમાં કોહરામ મચેલો છે. જેમાં કેટલાય સેક્ટરો ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. ત્યારે હવે ખબર આવી રહી છે કે, કેન્દ્રની મોદી સરકાર કોરોનાની બીજી લહેરથી પ્રભાવિત સેક્ટર માટે રાહત પેકેજ આપવા પર વિચાર કરી રહી છે. ટૂંક સમયમાં જ તેની જાહેરાત થઈ શકે છે. આ મામલા સાથે જોડાયેલા એક સૂત્રએ કહ્યુ હતું કે, કોરોનાકાળમાં સૌથી વધુ પ્રભાવિત થયેલા સેક્ટરને રાહત પેકેજ આપવાની તૈયારી ચાલી રહી છે. જેનો ઉદ્દેશ્ય સ્થાનિક લોકડાઉનથી ઝઝૂમી રહેલી અર્થવ્યવસ્થાને બેઠી કરવાનો હશે.

એક રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે નાણામંત્રાલય નાના અને મધ્યમ આકારની કંપનીઓની સાથે સાથે પર્યટન, વિમાન અને અતિથિ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટેના પ્રસ્તાવ પર કામ કરી રહી છે.આ બાબત સાથે સંકળાયેલા લોકોએ જણાવ્યુ છે કે, આ અંગેની ચર્ચા હાલ શરૂઆતના તબક્કામાં છે, હાલમાં જાહેરાત અંગે કોઈ સમય નક્કી કર્યો નથી. જો કે, નાણામંત્રાલયે આ અંગે કોઈ ટિપ્પણી કરવાની હાલ તો મનાઈ કરી છે.

કોવિડની બીજી લહેરમાં ભારતને મોટો આર્થિક ફટકો પડ્યો છે. આ વર્ષે ભલે પ્રધાનમંત્રી મોદી ગત વર્ષની સરખામણીએ રાષ્ટ્રીય લોકડાઉન લગાવવાનો ઈંકાર કર્યો હોય, પણ વધતા કોરોનાના કેસ અને મોતના આંકડાથી પ્રભાવિત થયેલા રાજ્યોને લોકડાઉન લાગૂ કરવા માટે વિવશ કર્યા હતા. ભારતના ઔદ્યોગિક રાજ્યો મહારાષ્ટ્ર અને તમિલનાડૂ સહિત કેટલીય સ્થાનિક સરકારોએ વાયરસના પ્રસારને રોકવા માટે પ્રતિબંધો લાગૂ કર્યા હતા.

## સરકારી કર્મચારીઓના વેરિએબલ મોંઘવારી ભથ્થામાં ધરખમ વધારો

ન્યુ દિલ્હી,

કોરોના મહામારી સંકટ વચ્ચે દેશના લાખો કેન્દ્રીય કર્મચારીઓને કેન્દ્ર સરકારે ખુશખબર આપ્યા છે. સરકારે કર્મચારીઓને મળનારા વેરિએબલ મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત કરી છે. સરકારની આ જાહેરાતથી લગભગ દોઢ કરોડ કેન્દ્રીય કર્મચારીઓના ચહેરા પર હાસ્ય જોવા મળશે. તેનો ફાયદો કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓને પણ થશે. કર્મચારીઓના પગાર ઉપરાંત તેમના પ્રોવિડન્ડ ફંડ અને ગ્રેચ્યુઈટી ઉપર પણ આ નિર્ણયની અસર જોવા મળશે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે કેન્દ્રીય કર્મચારીઓ માટે વેરિએબલ મોંઘવારી ભથ્થામાં વધારો કર્યો છે. કર્મચારીઓને વેરિએબલ મોંઘવારી ભથ્થું હે પહેલા ૧૦૫ રૂપિયા મહિના પ્રમાણે મળતું હતું તે હવે વધીને બમણું થયું છે. એટલે કે હવે ૨૧૦ રૂપિયા દર મહિને મળશે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયના આ નિર્ણયથી કેન્દ્ર સરકાર, રેલવે, ખાણ, ઓઈલ ફિલ્ડ્સ, પોર્ટ અને કેન્દ્ર સરકાર સંલગ્ન અન્ય કાર્યાલયોમાં કામ કરનારા લગભગ ૧.૫ કરોડ કર્મચારીઓને તેનો સીધો ફાયદો મળે તેવી આશા છે. કેન્દ્ર સરકારના જણાવ્યાં મુજબ વેરિએબલ મોંઘવારી ભથ્થામાં વધારાનો ફાયદો કોન્ટ્રાક્ટ અને હંગામી રીતે કાર્યરત કર્મચારીઓને પણ મળશે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીઆ અરવિંદભાઈ મગનભાઈ

મુ. નાકટી, તા. ધાનપુર


## રાહુલ ગાંધીએ કાર્યકર્તાઓને કરી પ્રભાવિત લોકોની દરેક સંભવ મદદની અપીલ

ન્યુ દિલ્હી,

તૌકતે વાવાઝોડા બાદ હવે વાવાઝોડુ યાસ કાંઠાના વિસ્તારોમાં વિનાશ વેરવા માટે તૈયાર છે. હવામાન વિભાગે વાવાઝોડા યાસના આવતા ૨૪ કલાકમાં વાવાઝોડુ બનવાની ઘોષણા કરી દીધી છે. યાસ બુધવારે બંગાળ અને ઓરિસ્સાના તટે દસ્તક દેશે. વાવાઝોડાના જોખમને જોતા લોકોએ સુરક્ષિત સ્થળોએ સ્થાનાંતરણ કરવાનુ શરૂ કરી દીધુ છે.

વળી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કોંગ્રેસ કાર્યકર્તાઓને પ્રભાવિત લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને તેમને દરેક સંભવ મદદ આપવા માટે અપીલ કરી છે. તેમણે ટ્વિટ કરીને કહ્યુ, 'વાવાઝોડુ યાસ બંગાળની ખાડીથી બંગાળ અને ઓરિસ્સા તરફ આગળ વધી રહ્યુ છે. હું કોંગ્રેસ કાર્યકર્તાઓને પ્રભાવિત લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવ મદદ આપવાની અપીલ કરુ છુ. કૃપા કરીને બધા સાવચેતીના ઉપાયોનુ પાલન કરો.'

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૩૫ પોઝિટિવ કેસ નોંધાયા




**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૦૯
કડાણા-૦૧
ખાનપુર-૦૩
લુણાવાડા-૧૫
સંતરામપુર-૦૫
વિરપુર-૦૨

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના– ૦૩ સ્ત્રી અને ૦૬ પુરૂષના, કડાણા તાલુકાના ૦૦ સ્ત્રી, ૦૧ પુરૂષના, ખાનપુર તાલુકાના–૦૩ સ્ત્રીના, ૦૦ પુરૂષના, લુણાવાડા તાલુકાના– ૦૪ સ્ત્રીના અને ૧૧ પુરૂષના, સંતરામપુર તાલુકાના– ૦૨ સ્ત્રીના, ૦૩ પુરૂષના અને વિરપુર તાલુકાના–૦૦ સ્ત્રીના, ૦૨ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૫–૦૫–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૭૨૭૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની–૧૨ સ્ત્રી, ૧૪ પુરૂષ, કડાણા તાલુકાની–૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૧ સ્ત્રી, ૦૮ પુરૂષ, લુણાવાડા તાલુકાની–૧૫ સ્ત્રી, ૧૯ પુરૂષ, સંતરામપુર તાલુકાની–૧૧ સ્ત્રી, ૨૪ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૫૮૩ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૩૫૪૩૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૨૭૧ દર્દી હોમઆઇસોલેશનમાં, ૩૫ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૫૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૩૭ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૦૫ દર્દીઓ સ્ટેબલ, ૧૦૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૭ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

# વેજલપુરમાં આગ ૩૦ ઝૂંપડાં બળીને ખાક, ૨૫ જેટલા પરિવારો બેઘર બન્યા





અમદાવાદ,
સાહેબ, હવે શું કરીશું, અમે તો નિરાધાર થઈ ગયા. અમારી બધી મિલકતો અને સામાન બળી ગયો. અમારા દાગીના અને રૂપિયા બળી ગયા. સાહેબ, હવે શું કરવું. મારા છોકરાના હજી હમણાં લગ્ન થયા છે, સોનાના દોરા નથી મળતા... આ શબ્દો છે શહેરના વેજલપુર વિસ્તારમાં આવેલા સૂર્યનગર વોટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર પાસે આવેલી ઝૂંપડપટ્ટીમાં આગમાં ઘરવખરી અને લાખો રૂપિયા ગુમાવનાર શારદાબેન પુરબિયાના.

મંગળવારે સવારે લાગેલી આગમાં ૩૦થી વધુ ઝૂંપડાં બળી ગયાં છે, જેમાં શારદાબેન પુરબિયાનું પણ આખું ઝૂંપડું બળીને ખાક થઈ ગયું છે. સવારે જ્યારે આગ લાગી ત્યારે મોટા ભાગના લોકો કામ પર ગયા હતા. આગમાં એકપણ વસ્તુ લોકોની બચી નથી અને હવે પહેરેલાં કપડે જ તેમને રહેવાના દિવસો આવી ગયા છે. અનેક લોકોએ મહેનતથી બનાવેલી પોતાની મિલકતો બળી જતાં રોવા લાગ્યા હતા. રડમસ થઈ લોકો પોતાની મિલકતો ગુમાવી હોવાનુંજણાવ્યું હતું કે અમારું બધું બળી ગયું.

તાજેતરમાં જ વાવઝોડાની અસરથી ફૂંકાયેલા જોરદાર પવનને કારણે શહેરમાં અનેક ગરીબ લોકોનાં ઝૂંપડાં તૂટી ગયાં હતાં અને બેઘર બની ગયા હતા. આજે સવારે આનંદનગર રોડ પર ઝૂંપડપટ્ટીમાં લાગેલી આગમાં ૩૦થી વધુ ઝૂંપડાં બળીને ખાક થઈ ગયાં છે. ૨૫ જેટલા પરિવારો હવે બેઘર બની ગયા છે. તેમની એકપણ મિલકત સલામત રહી નથી.

આગમાં પોતાનું ઘર અને મિલકત ગુમાવનાર ઈશ્વરભાઈ પુરબિયાએ જણાવ્યું હતું કે મારા ત્રણ લાખ રૂપિયા, દાગીના, એલસીડી ટીવી, ફ્રિજ બધી મિલકતો બળીને ખાક થઈ ગઈ છે. શારદાબેને જણાવ્યું હતું કે મારા દાગીનાઓ બળી ગયા, રૂપિયા બળી ગયા. અમે ગામડે હતા અને ફોન કર્યો ત્યારે દોડાદોડ આવ્યા. ઘરના પુરાવા પણ બળી ગયા. અમે નિરાધાર થઈ ગયા.

બાલુબેને વાતચીતમાં જણાવ્યું હતું કે સવારે અમે તો કામ પર ગયા હતા. મારા દીકરાએ ફોન કરી જાણ કરી હતી. અમે આવ્યા ત્યારે અંદર જવાય એમ ન હતું. અમારું બધું બરબાદ થઈ ગયું. પાયમાલ થઈ ગયા. હવે પહેરેલાં કપડે જ અમે રહ્યા છીએ.

મંગળવારે સવારે શહેરના આનંદનગર વિસ્તારમાં આવેલા રેડિયોમિર્ચી ટાવર સામે આવેલાં ઝૂંપડાંમાં ભીષણ આગ લાગી હતી. શરૂઆતમાં ૧૨થી વધુ ઝૂંપડાંમાં આગ લાગતાં ફાયરબ્રિગેડની ૧૫ ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. એમ્બ્યુલન્સ અને પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડ દ્વારા થોડીઘણી આગ કાબૂમાં આવી છે. આ દુર્ઘટનામાં ૩૦થી વધુ ઝૂંપડાં બળીને ખાક થઈ ગયાં છે.

ઝૂંપડપટ્ટીના આખા વિસ્તારને ખાલી કરાવી દેવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા લોકોને દૂર કરવામાં આવી રહ્યા હતા. આગ વધુ ભીષણ લાગતાં વધુ ફાયર ફાઈટરોની મદદ લેવામાં આવી હતી. ઝૂંપડપટ્ટી ગીચ વિસ્તારમાં અને આસપાસમાં મકાનો આવેલાં હોવાથી આગને કાબૂમાં કરવામાં ફાયરબ્રિગેડને મુશ્કેલી પડતાં મકાનો પર ચડી ફાયરબ્રિગેડ પાણીનો મારો ચલાવી રહી હતી.

# લુણાવાડા પાલિકા પ્રમુખ બિન્દ્રા શુકલએ રાજીનામું આપતાં રાજકારણમાં ગરમાવો




તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
મહિસાગરના લુણાવાડા નગર પાલિકાનું પદ છેલ્લા કેટલાક સમય થી વિવાદોને લઈ ચર્ચાઓમાં રહેતું હોય છે. પાલિકાના મહિલા પ્રમુખ દ્વારા અચાનક પદ ઉપરથી રાજીનામું આપી દેતાં લુણાવાડા નગરના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

લુણાવાડા નગર પાલિકાના પ્રમુખ પદે બિરાજમાન પ્રમુખો કોઈને કોઈ વિવાદોને લઈ ચર્ચામાં રહેતા હોય છે. હાલના પાલિકા પ્રમુખ વિરૂદ્ધ છ મહિના પહેલા પાલિકાના સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હતી. તેમ છતાં પાલિકા પ્રમુખ પદે બિન્દ્રાબેન શુકલ યથાવત રહ્યા હતા. પરંતુ લુણાવાડા પાલિકા પ્રમુખ બિન્દ્રા શુકલે આજરોજ સ્વૈચ્છિક રીતે રાજીનામું આપ્યું છે. પાલિકા પ્રમુખે નગર પાલિકા ચીફ ઓફિસરને રાજીનામું આપતાં લુણાવાડાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

# હવે મનમાની કરવાની છૂટ નહીં, નિરંકુશ ઈન્ટરનેટ મીડિયા પર લગામ તાણશે સરકાર

ન્યુ દિલ્હી,
ફેસ બુક ટ્વીટર તેમજ અન્ય વિદેશી ઈન્ટરનેટ મીડિયા કંપ્રીઓ દ્વારા મનમાની કાર્યવાહી કરવામાં આવી રહી છે અને તે સીધી રીતે જ દેશના કાયદા અને કેન્દ્ર સરકારના નિર્દેશો માટે પડકારજનક બની ગયા છે ત્યારે આવી કંપ્રીઓ સામે આકરામાં આકરી કાર્યવાહી ની તૈયારી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહી છે તેવા સંકેતો મળ્યા છે.

આ પ્રકારના વિદેશી પ્લેટફોર્મ પોતાની જાતને સંપૂર્ણ સ્વતંત્ર અને કાયદાથી મુક્ત માનવા લાગ્યા છે ત્યારે તેમને ભારતના કાયદાનું ભાન કરાવવામાં આવશે અને કેન્દ્ર સરકાર દ્વારા અત્યાર સુધીમાં જે નિયમો જાહેર કરવામાં આવ્યા છે તેનો અમલ થઈ રહ્યો છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે અને જો નહીં થતો હોય તો આવી કંપ્રીઓ સામે ખૂબ જ આકરી કાર્યવાહી કરવામાં આવશે.

આવી કંપનીઓ દ્વારા વાંધાજનક અને વિવાદાસ્પદ પોસ્ટ પર વોચ રાખવા નો ઈનકાર કરી દેવામાં આવ્યો છે અને અન્ય કેટલાક નિયમો નો અમલ પણ કરવામાં આવતો નથી. કેન્દ્ર સરકારે ગત ૨૫મી ફેબ્રુઆરીના રોજ આવી તમામ કંપ્રીઓને ત્રણ મહિનાની અંદર તમામ નિયમોનું પાલન કરવા ની ચેતવણી આપી હતી પરંતુ કંપ્રીઓ દ્વારા તેની અવગણના કરવામાં આવી રહી છે.

હવે કેન્દ્ર સરકારે એવો નિયમ લાવવાની તૈયારી કરી રહી છે જો કોઈ વિવાદાસ્પદ પોસ્ટ મૂકવામાં આવશે તો તેના માટે જે તે કંપ્રી જવાબદાર ગણાશે. સરકાર ની અંદર એક ચોક્કસ વર્ગ એમ માને છે કે આવી કંપ્રીઓ પર લગામ મૂકવી અત્યંત જરૂરી બની ગઈ છે કારણ કે તે લોકો બેફામ રીતે વર્તી રહ્યા છે અને કોઈ જવાબદારીનું ભાન એમને રહ્યું નથી.

વિદેશી ઈન્ટરનેટ મીડિયાની કાર્યશૈલી ની સામે સમાજમાંથી પણ વિરોધનો સૂર પ્રબળ બની રહ્યો છે અને વિપક્ષ પણ આવી કંપનીઓની સામે નારાજ છે ત્યારે કેન્દ્ર સરકાર કેટલાક વખત નવા નિયમો સાથે આવી કંપ્રીઓ પર લગામ નાખવાની તૈયારી કરી રહી છે.

# ધો. ૧થી ૧૧માં માસ પ્રમોશન બાદ નવા વર્ગો વધારવાની કવાયત શરૂ

ગાંધીનગર,
કોરોનાવાયરસની મહામારીને કારણે ગુજરાત સરકારે સ્કૂલોમાં ધોરણ. ૧થી ૧૧ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યું છે. એવામાં હવે નવા શૈક્ષણિક વર્ષમાં હાઈસ્કૂલોમાં વર્ગની તેમજ વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થશે. જેથી શિક્ષણ વિભાગે શૈક્ષણિક સત્ર શરૂ થતાં પહેલાં વર્ગો વધારવા અંગેની કવાયત હાથ ધરી દીધી છે. શાળા કમિશનર કચેરી દ્વારા રાજ્યની તમામ ગ્રાન્ટેડ સ્કૂલોના ધોરણ.૯, ૧૦, ૧૧ અને ૧૨ના હયાત વર્ગોની સંખ્યા મગાવાઈ છે. ત્યારે બીજી તરફ નવા વર્ગ વધારા માટે ૧લી જૂનથી ૩૧ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવા અંગે શિક્ષણ બોર્ડ દ્વારા પણ જાહેરાત કરવામાં આવી છે.

માસ પ્રમોશનથી ધો.૧૦ના એકસાથે પાસ થયેલા ૯.૫ લાખ વિદ્યાથીને આગળ પ્રવેશ કેમનો આપવો એને લઈને શિક્ષણ વિભાગ, વાલી અને શાળા-સંચાલકો મૂંઝવણમાં મુકાયા છે. એવામાં સરકાર દ્વારા નવા વર્ગો વધારવા માટે અત્યારથી કામગીરી આરંભી દેવામાં આવી છે. બીજી તરફ, શાળાઓમાં વર્ગ વધારીને નવા શિક્ષકોની ભરતી કરવા કોંગ્રેસે પણ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. ધો.૧૦માં માસ પ્રમોશન આપવાથી ધોરણ.૧૧માં પ્રવેશ લેનારા નવા વધુ વિદ્યાર્થીઓને સમાવવા માટે ૨ હજાર જેટલા વર્ગો અને ૩૦૦૦થી વધુ શિક્ષકોની જરૂરિયાત ઊભી થશે એવું શિક્ષણ વિભાગના જ અધિકારીઓનું માનવું છે. આટલા ટૂંકા સમયમાં સ્કૂલો આટલી મોટી માત્રમાં વર્ગો કેવી રીતે વધારશે અને શિક્ષકોને નિમણૂક આપવી એ મોટો પડકાર છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરીને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય સામે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશી છે, પરંતુ હવે બીજી તરફ તમામ પાસ થયેલા વિદ્યાર્થીઓને ધોરણ ૧૧મા પ્રવેશ આપવાને લઈને સવાલ ઊભા થયા છે. હાલ ગુજરાતમાં ધોરણ ૧૧ના ૬ લાખ વિદ્યાર્થીઓ માટે જ વ્યવસ્થા છે ત્યારે ૯.૫૦ લાખમાંથી ૫૦ હજાર વિદ્યાર્થી ડિપ્લોમા કે અન્ય ક્ષેત્ર પસંદ કરે તોપણ ૯ લાખ વિદ્યાર્થીનો સવાલ ઊભો રહે.

૬ લાખની વ્યવસ્થાની સામે ૯ લાખ વિદ્યાર્થીને પ્રવેશ આપવો એ અત્યારે સૌથી મોટી મૂંઝવણ છે. વિદ્યાર્થીઓને માસ પ્રમોશન તો આપી દેવામાં આવ્યું, પરંતુ તેમને માર્ક્સ કઈ રીતે આપવા તથા માર્ક્સ આપ્યા બાદ હોશિયાર વિદ્યાર્થી સાથે અન્યાય અને નબળા વિદ્યાર્થીને ફાયદો થાય એવી પણ પરિસ્થિતિ થશે અને એને કારણે ધોરણ ૧૧ની પ્રવેશ પ્રક્રિયામાં મુશ્કેલીઓ ઊભી થશે.

ધોરણ ૧૧માં સાયન્સ/કોમર્સ/આર્ટ્સ એમ ત્રણ અલગ અલગ ક્ષેત્રમાં પ્રવેશ આપવામાં આવશે. ત્યારે કોઈ એક ક્ષેત્ર પર ભાર વધાવની પણ શક્યતા છે. વધુ વિદ્યાર્થીઓ સાયન્સક્ષેત્ર પસંદ કરે ત્યારે છ અને B ગ્રુપમાં પ્રવેશ આપવા માટે પણ મુશ્કેલી થશે. માસ પ્રમોશનને કારણે કોમર્સ અને આર્ટસ ક્ષેત્રમાં ઓછા વિદ્યાર્થીઓ એડમિશન લેશે અને સાયન્સ પર ભારણ વધશે.

# ખેડામાં પ્રથમ કેસ નોંધાયો, ૧૦ લાખે એક વ્યક્તિને થતો એનાફિલેક્સિસ રોગ

નડિયાદ,
નડીયાદ શહેરમાં કોરોના અને મ્યુકરમાઈકોસિસ રોગે હાહાકાર મચાવ્યો છે. આ મહામારી વચ્ચે દસ લાખે એક વ્યક્તિને થતો એનાફિલેક્સિસ રોગ નડિયાદમાં દેખાયો છે. આ કેસ જિલ્લામાં પ્રથમ છે. એલર્જીના કારણે થતો એનાફિલેક્સિસ રોગ થાય છે. આ રોગથી દર્દીની શ્વાસનળી સંકોચાઈ જાય છે. જેથી દર્દીને શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે અને દર્દીને ઓક્સિજન એકદમ ઘટી જાય છે. તબીબે તાત્કાલિક દર્દીનું ઓપરેશન કરીને શ્વાસનળી ખુલ્લી કરાઈ હતી અને દર્દીને નવું જીવન મળ્યું હતું.

આ વિશે મળતી માહિતી પ્રમાણે નડીયાદમાં રહેતા ૪૯ વર્ષીય પુરુષને એલર્જીના કારણે શ્વાસ લેવામાં મુશ્કેલી પડતાં અને ઓક્સિજન ઘટી જવાથી તેઓને તાત્કાલિક શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલના ડો. સુપ્રિત પ્રભુએ દર્દીની તપાસ કરતાં તેઓની શ્વાસનળી સંકોચાઈ ગઈ હતી. જેથી તેઓને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી અને બીજી બાજુ તેઓને ઓક્સિજન ઘટી રહ્યો છે. ઓક્સિજન ઘટીને શૂન્ય તરફ જઈ રહ્યો હતો. જેને લઈને દર્દીને ખેંચ આવવા લાગી હતી.

તુરંત ડો. સુપ્રિત પ્રભુએ બે મીનિટથી ઓછા સમયમાં દર્દીના ગળામાં ઓપરેશન કરીને કાણું પાડીને ટ્યૂબ મૂકતાં ધીમે ધીમે ઓક્સિજન મળવાનું શરૂ થઈ ગયું હતું. દર્દીને ઓક્સિજન રાબેતા મુજબ થઈ ગયો હતો. અને દર્દીનો જીવ બચી જતાં તેઓને નવજીવન મળ્યું હતું.

ડો. સુપ્રિત પ્રભુએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈ ખોરાક, મધમાખી, કોઈ જીવજંતુ કરડવાથી એલર્જી થાય છે. આ એલર્જીના કારણે શ્વાસનળી સંકોચાઈ જાય છે. જેને એનાફિલેક્સિસ રોગ કહેવાય છે. આ રોગ ૧૦ લાખે એક વ્યક્તિને થાય છે.

# રૂપાણી સરકારે બાજી મારી, સતત ચોથા વર્ષે વિદેશી રોકાણમાં દેશમાં પ્રથમ

ગાંધીનગર,
મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુજરાત ઔધોગિક રોકાણોમાં વર્ષ ૨૦૨૦–૨૧માં દેશના કુલ ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ માંથી ૩૭% એફડીઆઈ મેળવી સતત ચોથા વર્ષે દેશભરના રાજ્યમાં ટોચ પર રહ્યું છે.

કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં પણ સતત બીજા વર્ષે ગુજરાતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં દેશભરમાં સૌથી વધું એફ.ડી.આઇ. મેળવવાની આ સિદ્ધી કરી છે.

આ નાણાકિય વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ગુજરાતમાં મોટાભાગનું વિદેશી રોકાણ કમ્પ્યુટર સોટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં ૯૪% ટકા જેટલું આવ્યું છે. આ ક્ષેત્રમાં દેશમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ ૭૮% છે.

આ ક્ષેત્રે આવેલા એફ.ડી.આઈ.માં ગુજરાત પછીના ક્રમે રહેલા રાયોમાં કર્ણાટક માત્ર ૯ ટકા અને દિલ્હી પાંચ ટકા હિસ્સો ધરાવે છે. નાણાંકિય વર્ષ ૨૦૨૦–૨૧માં ૩૭ ટકા વિદેશી રોકાણ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમ છે ત્યારબાદના ક્રમે રહેલા મહારાષ્ટ્રમાં ૨૭ ટકા અને કર્ણાટક ૧૩ ટકા વિદેશી રોકાણ આવ્યું છે એટલે કે ગુજરાત મહારાષ્ટ્ર કરતા ૧૦% અને કર્ણાટક કરતા ૨૪% વધું વિદેશી મુડી રોકાણ સાથે સરકારની ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ટ્રાન્સપેરેન્ટ પોલીસી તથા વિવિધ ઈન્સેન્ટીવ્સના પરિણામે દેશ વિદેશના ઉધોગકારો માટે બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પારદર્શી અને સ્વચ્છ પ્રશાસન સાથે રાયમાં ઊધોગોને વધુ પ્રમાણમાં પ્રેરિત કરવા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસનો જે વ્યાપ વિસ્તાર્યો છે. ઈન્ડસ્ટ્રી પોલિસી ૨.૦ માં ઊધોગોને વ્યાપક પ્રોત્સાહન આપ્યું છે તેની ફલશ્રુતિએ કોરોના સંક્રમણના આ કપરા વર્ષો દરમિયાન પણ રાયમાં આવેલા એફ.ડી.આઈ.માં માતબર વધારો થયો છે.

ભારતમાં ૨૦૧૯–૨૦ના વર્ષના ૭૪.૩૯ બિલિયન અમેરીકી ડોલર એફ.ડી.આઈ.ની તુલનાએ ૧૦% વધું ૨૦૨૦–૨૧ દરમ્યાન અત્યાર સુધીનું સૌથી વધુ કુલ ૮૧.૭૨ બિલિયન અમેરિકી ડોલરનું એફડીઆઇ રોકાણ આવ્યું છે.

ભારત સરકારના વાણિય અને ઉધોગ મંત્રાલયે દેશમાં ફોરૈન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ અને વિવિધ રાયોના તેમાં પ્રદાન અંગેની વિગતો જારી કરતા એક યાદીમાં જણાવ્યું છે કે, ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (એફ.ડી.આઈ.)માં અસરકારક નીતિ સુધારણા, રોકાણની સુવિધા તેમજ સરળ વ્યવસાયિક નીતિઓને કારણે તેમજ સરકાર દ્વારા લેવામાં આવેલા અસરકારક પગલાઓના પરિણામે દેશમાં વિદેશી રોકાણમાં વધારો થયો છે. આવા વિવિધ પગલાઓને કારણે ભારત વિદેશી રોકાણકારોની પ્રથમ પસંદગી બની રહ્યું છેતેમ પણ આ યાદીમાં જણાવાયું છે.

દેશમાં વિદેશી મૂડી રોકાણ ૮૧.૭૨ અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે તેમાં સિંગાપોરનો હિસ્સો ૨૯ ટકા જેટલો છે. અમેરિકા ૨૩ ટકા હિસ્સા સાથે બીજા નંબરે છે. આ જ રીતે મોરેસિયસ ત્રીજા ક્રમે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦માં પણ સિંગાપોર ૧૪.૬૭ અબજ ડોલરના રોકાણ સાથે પ્રથમ નંબરે હતું. યારે બીજા સ્થાને ૮.૨૪ અબજ ડોલરના રોકાણ સાથે મોરેસિયસ હતું. નેધરલેન્ડ ૬.૫ અબજ ડોલરના રોકાણ સાથે ત્રીજા અને અમેરિકા ૪.૨૨ અબજ ડોલરના રોકાણ સાથે ચોથા સ્થાને હતું.

૨૦૨૦–૨૧માં વિદેશી રોકાણમાં ભારતમાં જોરદાર ઉછાળો આવ્યો છે અને ૮૧.૭૨ અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે. સરકારી સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦૨૧માં દેશમાં સૌથી વધુ રોકાણ ગુજરાતમાં ૩૭ ટકા જેટલું નોંધાયું છે. યારે ૨૭ ટકા સાથે મહારાષ્ટ્ર બીજા અને ૧૩ ટકા સાથે કર્ણાટક ત્રીજા સ્થાને છે. દેશમાં કોમ્પ્યુટર સોફટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં આવેલા કુલ વિદેશી રોકાણનો ૭૮ ટકા હિસ્સો એકલા ગુજરાતમાં આવ્યો છે. ૨૦૧૯–૨૦માં મહારાષ્ટ્ર ૩૦ ટકા સાથે પ્રથમ નંબરે હતું યારે ૧૮ ટકા સાથે કર્ણાટક બીજા સ્થાને અને ૧૭ ટકા સાથે દિલ્હી ત્રીજા સ્થાને હતું.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૬-૦૫-૨૦૨૧, બુધવાર, વૈશાખ સુદ-પૂનમ, સૂર્યોદય-૫-૫૬, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : વૃશ્ચિક (ન ,ય ), નક્ષત્રઃ અનૂરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

**તા.૨૬.૦૫.૨૦૨૧ બુધવાર**

મેષ (અ,લ,ઈ) : અંગત જીવનમાં સારું રહે,યશ-પ્રતિષ્ઠા મેળવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : શત્રુઓ થી સાવધ રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવું.
મિથુન (ક,છ,ઘ) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
કર્ક (ડ,હ) :જમીન-મકાન સુખ સારું રહે,આરામદાયક દિવસ.
સિંહ (મ,ટ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
કન્યા (પ ,ઠ ,ણ ) : બેક્ બેલેન્સ મધ્યમ રહે ,પૈસા બાબત માં આયોજન કરવું પડે.
તુલા (ર,ત) : કાર્યસિદ્ધિ આપતો દિવસ,સફળતા મેળવી શકો.
વૃશ્ચિક (ન ,ય ) : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય , સિફત થી કામ લેવું.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે,પ્રગતિકારક દિવસ.
મકર (ખ ,જ ) : સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
કુંભ (ગ ,સ,શ ) : પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.
મીન (દ ,ચ ,ઝ ,થ): નસીબ સાથ આપતું જણય,ધાર્યા કામ પાર પાડી શકો.

**દાહોદ આવૃત્તિ**

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દાહોદ જીલ્લામાં આજે ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે કોરોનાના ૧૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આજે કોરોનાથી એક દર્દીનું મોત નીપજ્યું હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી કોરોનાના સંક્રમણના કેસોમાં ઘટાડો નોંધાતાં જિલ્લાવાસીઓએ રાહતનો અનુભવ કર્યો છે.

આર.ટી.પી.સી.આર. ના ૨૧૧૯ પૈકી ૦૬ અને રેપીટ ટેસ્ટના ૭૮૫ પૈકી ૧૦ મળી આજે કોરોનાના ૧૬ પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૬ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૧, દાહોદ ગ્રામ્યમાંથી ૦૬, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૫, દેવગઢ બારિઆ ગ્રામ્યમાંથી ૦૧, ગરબાડામાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. કોરોનાની બીજી લહેરમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારો વધુ પ્રભાવિત થયો હોવાનું કહેવાઈ રહ્યું છે ત્યારે દાહોદ જિલ્લામાં પણ કોરોનાના કેસોમાં ગ્રામીણ વિસ્તારમાંથી આ વખતે વધુ કેસો સામે આવી રહ્યાં છે. શહેરી વિસ્તારોમાં ખાસ કરીને ગયાં વર્ષ કરતાં આ વર્ષે ઓછુ સંક્રમણ જોવા મળ્યું છે. આજે વધુ ૦૧ દર્દીનું કોરોનાથી મોતને પગલે દાહોદ જિલ્લામાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૩૫ને પાર થઈ ગયો છે. રાહતના સમાચાર એ છે કે, કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. આજે એકસાથે ૪૮ લોકો કોરોના સંક્રમણથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં ૩૧૫ લોકો કોરાનાની સારવાર લઈ રહ્યાં છે. ત્યારે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૦૩૯ને પાર થઈ ગયો છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| **: અર્બન વિસ્તારો :** |
| દાહોદ-૦૧ |
| ઝાલોદ-૦૧ |
| **: ગ્રામ્ય વિસ્તારોમાં :** |
| દાહોદ-૦૬ |
| ઝાલોદ-૦૫ |
| દે.બારીયા-૦૧ |
| ગરબાડા-૦૧ |
| ફતેપુરા-૦૧ |

# દાહોદમાં છેલ્લા ચાર મહિનામાં ૪૦૦ માતાઓને મમતા કીટસનું વિતરણ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોનાના બીજી લહેરમાં દાહોદમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી મહિલાઓ અને બાળકોના ઉત્થાન માટે સક્રિય કામગીરી કરી રહ્યું છે. છેલ્લા ચાર મહિનામાં લોકોમાં કોરોના અંગે જાગૃતિ આવે તે માટે વિભાગ દ્વારા ૮૦૦૦ થી વધુ માસ્કનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફેબ્રુઆરી મહિના બાદ જિલ્લામાં માતા બનનારી ૪૦૦ મહિલાઓને મમતા કિટસ આપવામાં આવી હતી.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી રોહન ચૌધરી જણાવે છે કે, છેલ્લા ચાર મહિનામાં ૪૦૦ માતાઓને મમતા કિટસનું વિતરણ કરવામાં આવ્યું છે. આ કીટસમાં શિશુ માટેના ઝભલાં, રમકડા, મચ્છરદાની, હિમાલયા કંપનીની માલિસના તેલ, શેમ્પુ, સાબુ, પાઉડર સહિતની ૭૦૦ રૂ.ની કિટસ હોય છે.

જિલ્લાના દરેક તાલુકામાં કચેરી દ્વારા કિશોરી મેળા કરવામાં આવ્યા છે અને કિશોરીઓને શિક્ષણનું મહત્વ સમજાવી અડધેથી શિક્ષણ ના છોડવા સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોરોના અંગે પણ જાગૃત રહેવા જણાવવામાં આવે છે અને માસ્ક વિતરણ કરી માસ્ક અવશ્ય પહેરવા સલાહ આપવામાં આવે છે. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મુખ્યત્વે બાળકોના શારીરિક–માનસિક–સામાજિક વિકાસ તેમજ બાળકોના સ્વાસ્થ માટે કામ કરી રહ્યાં છે અને બાળમૃત્યુ, કુપોષણ સામે લોકોજાગૃતિ તેમજ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કામગીરી કરે છે.

આ ઉપરાંત બેટી બચાવો, બેટી પઢાવો અંતર્ગત લોકજાગૃતિ વિવિધ કાર્યક્રમો થકી સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. હાલમાં જ કચેરી દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ ૨૦૦ જેટલી સરકારી કચેરીઓને બેટી બચાવો, બેટી પઢાવો લોગો સાથેની વોલક્લોક આપવામાં આવી હતી. આ વિતરણ વ્યવસ્થા કલેકટર કચેરીના નાયબ મામલતદાર દીપક મોદી તથા બ્રિજેશ પ્રજાપતિએ સંભાળી હતી.

## દાહોદના ખરોદા ગામેથી સ્કોર્પીયો ગાડી માંથી ૧.૭૮ લાખના દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામેથી પોલીસ એક સ્કોર્પિયો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો કિંમત રૂા.૧,૭૮,૨૪૦ મળી ગાડી મળી કુલ રૂા.૪,૭૮,૨૪૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. જ્યારે પોલીસને જોઈ ગાડીમાં સવાર બે ઈસમો નાસી જવામાં સફળ રહ્યાં હોવાનું જાણવા મળે છે.

દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૨૪મી મેના રોજ રોજ ખરોદા ગામે ટાંડી ફળિયામાં વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન ત્યાંથી એક સ્કોર્પિયો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસે તેનો પીછો કર્યો હતો. પોલીસને પીછો કરતાં જોઈ ગાડીમાં સવાર રાકેશભાઈ પારસીંગભાઈ મિનામા (રહે. મુવાલીયા, તા.જિ.દાહોદ) તથા તેની સાથેનો બીજો એક ઈસમ એમ બંન્ને જણા પોલીસને જોઈ નાસી ગયાં હતાં. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૧૭૬૦ કિંમત રૂા. ૧,૭૮,૨૪૦/– ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪,૭૮,૨૪૦ નો મુદ્દામાલ કબજે કરી દાહોદ તાલુકા પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખાતેદારોની ફરિયાદોને ઉકેલવામાં ‘બેક્કિંગ ઓમ્બડુસમાન’ નિષ્ફળ

ન્યુ દિલ્હી,

બેક્કના ખાતેદારોની ફરિયાદનો ઉકેલ લાવવા માટે ખાસ નિયુક્ત કરવામાં આવેલા બેક્કિંગ ઓમ્બ્ડુસમાન ખાતેદારોની ફરિયાદનો ઉકેલ લાવવામાં સદંતર નિષ્ફળ નીવડયું છે. પરિણામે રિઝર્વ બેક્ક માટે પણ માથે પડેલું ડિપાર્ટમન્ટ સાબિત થઈ રહ્યું છે. બેક્કિંગ ઓમ્બ્ડુસમાનના અધિકારીઓ ખાતેદારોના હિતની સાથે સમાધાન કરીને પણ બેક્કને સાચવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે અને રિઝર્વ બેક્કના વાર્ષિક અહેવાલમાં બેક્કિંગ ઓમ્બ્ડુસમાનની કામગીરી અંગેના અહેવાલમાં તેને સમર્થન પણ મળી રહ્યું છે. ભારતમાં આઠ બેક્કિંગ ઓમ્બ્ડુસમાનની ઓફિસમાં ગ્રાહકોની એક પણ ફરિયાદનો ચૂકાદો આપવામાં આવ્યો નથી. તેમાં અમદાવાદ અને મુંબઈ ઓમ્બ્ડુસમાનની ઓફિસનો સમાવેશ થાય છે. બક્ક્કિંગ ઓમ્બ્ડુસમાનને ખાતેદારોની ફરિયાદ મળતી હોવા છતાંય તે અંગે તેમની સમજણ વ્યવસ્થિત ન હોવાથી ખાતેદારોને ન્યાય મળતો નથી. રિઝર્વ બેક્કે ૩૦મી જૂન ૨૦૨૦ સુધીની સ્થિતિ અંગે જાહેર કરેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વાસ્તવમાં ટકી શકે તેવી ૧,૭૩,૯૫૮ ફરિયાદ બેક્કિંગ ઓમ્બ્ડુસમાનને મળી હતી. તેમાંથી માત્ર ૬૮ ફરિયાદમાં જ ખાતેદારોને ન્યાય આપવામાં આવ્યો છે. આમ માત્ર ૦.૦૪ ટકા ખાતેદારોને જ ન્યાય આપવામાં આવ્યો છે. અંદાજે ૨૦૦૦૦થી વધુ એટલે કે ૧૨.૩૪ ટકા ફરિયાદમાં તેમણે બેક્ક અને ખાતેદાર વચ્ચે સમાધાન કરાવી દીધું હતું. ભારતમાંની આઠ બક્ક્કિંગ ઓમ્બ્ડુસમાનની ઓફિસમાં તો એક પણ ફરિયાદમાં નિર્ણય આપવામાં આવ્યો જ નથી. તેમણે આપેલા નિર્ણયથી ખાતેદારને સંતોષ ન હોય તો તેમને અપીલમાં જવાની છૂટ પણ આપવામાં આવતી નથી. બેક્કિંગ ઓમ્બ્ડુસમાન ખાતેદારોને તેમના નિર્ણય સામે આગળ અપીલમાં જવાની કે ફરિયાદ કરવાની તક પણ ન આપતા હોવાનું બહાર આવ્યું છે. બેક્કિંગ ઓમ્બ્ડુસમાનને કાર્ય કરવા માટે આપવામાં આવેલી માર્ગદર્શિકાને સુસંગત હોય તેવી ફરિયાદને વજુદવાળી ફરિયાદ તરીકે જોવામાં આવે છે. એક ખાતેદાર પાસેથી બેક્કે આવકવેરાના રિટર્નની કોપી માગી હતી, પરંતુ આ કોપી કયા કાયદાની જોગવાઈ હેઠળ માગવામાં આવે છે તે બાબતનો બેક્કે જવાબ આપ્યો નહોતી. આ અંગેની ફરિયાદનો નિકાલ લાવવામાં બેક્કિંગ ઓમ્બ્ડુસમાને બહુ રસ લીધો જ નહોતી.

## રસી વિશે પ્રજામાં સ્થાન ગ્રહણ કરનારા ફેક મેસેજો, ગેરમાન્યતાઓ, ભ્રમણાને દૂર કરવામાં વહીવટી તંત્ર દ્વારા મહત્વનો કિરદાર નિભાવ્યો છે



સંજેલી,

સંજેલીમાં છેલ્લા એક સપ્તાહથી કોરોના કેસોએ બ્રેક લીધી છે. ત્યારે વહીવટી તંત્ર સજાગ બનીને કોરોના નિયમો વિશે સતત પ્રજાને, દુકાનદારોને સુચક માહિતી આપીને પ્રજાને અવગત કરે છે. કોરોના વેકસીનની પ્રજામાં રહેલી ગેરમાન્યતાઓ, ભ્રમ, દુર રહેલી છે. તેની સામે કોરોના રસીના ફાયદાઓ સમજાવી કોરોના રસી, કોરોના ટેસ્ટિંગ વિશે સહજતા પૂર્વક સમજૂતી આપીને કોરોના રસીના લાભ લેવા, કોરોના ટેસ્ટિંગ, વિશે લોકોને જાગૃક કરવામાં વહીવટી તંત્ર દ્વારા મહત્વનો કિરદાર નીભાવેલ છે.

સોસીયલ મીડિયામાં પ્રજાને ભ્રમિત કરનારા ફેક મેસેજોએ કોરોના રસીની ગેરમાન્યતાઓ ભ્રમણા, પ્રજાના દિલોમાં સ્થાન ગ્રહણ કરી લીધું હતું. ગેરમાન્યતાઓ, આ ભ્રમણાને દૂર કરવા માટે જિલ્લા વહીવટી, તાલુકા વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ તેમજ સામાજિક સંસ્થાઓ પ્રજામાં રહેલ ભ્રમણા,ગેરમાન્યતાઓ દૂર કરવા માટે જોતરાય ગઈ હતી અને પ્રજાને કોરોના રસી વિશે પૂરક, સહજતાપૂર્વક સમજુતી આપીને કોરોના રસીના લાભ લેવા તરફ વાકેફ કરવામાં અનેરૂં રોલ નિભાવ્યો હતો. જેના અનુસંધાનમાં મદદનીશ ચેરિટી કમિશનર દ્વારા સંજેલી મુખ્ય બજારો તથા સંજેલી તાલુકા આજુબાજુના નાના બજાર ની મુલાકાત લઈ ગ્રામજનોને તથા દુકાનદારો વગેરે ને માસ્ક પહેરવા તથા સામાજિક અંતર જાળવવા તથા રસી મુકાવવા તથા રજીસ્ટ્રેશન કરાવવાં સહજતા પૂર્વક સમજૂતી આપી હતી.

# દે.બારીયા નગર પાલિકાના વિકાસના કાર્યો પ્રમુખની બનવાની હોડમાં ભેટ ચડી ગયા બાકીના સમયમાં ઉપપ્રમુખની ખેંચતાણમાં ભેટ ચડી જવાના છે ?

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાનો વિકાસ ખાલી વોર્ડ નં.૧માં દેખવા મળે છે. તેવા વિકાસના કાર્યો બીજા અનેક વોર્ડના મંજુર થયેલા કામોને બહાલ કરી આખા શહેર વિકાસના પંથે છે. તેવા પ્રયત્નો કયારે કરશે.

મળતી માહિતી મુજબ વિકાસના કાર્યોની એટલી હદે વકરી હતી કે, હું પ્રમુખ બનું તો મને મલાઈ ખાવા મળે બીજો કહે હું રૂપીયા ખર્ચ કરું તો મને મલાઈદાર કાર્યો કરવા હાથ લાગે અને મળતીયા કોન્ટ્રાકટર સાથે મેળાપીપણા કરી તકલાદી કાર્યો કરાય છે. તેની તપાસ કોઈ જ કરવાવાળું નથી. ભાજપના શાસનમાં પૂરા ૧૦૦% ભ્રષ્ટાચાર વધી ગયો છે. પહેલા તો કાર્યકર્તાઓમાં ભ્રષ્ટાચાર, અધિકારીઓમાં ભ્રષ્ટાચારી તપાસણીમાં આવતાં પદના અધિકારીમાં પણ એટલો જ ભ્રષ્ટાચાર છે. જે કાર્યમાં ટકાવારી મળી રહે તેમજ કાર્યો મંજુર થાય છે. પ્રજા માટે અને પ્રજાની માંગણી મુજબના વિકાસના કાર્યોને સાઈડ લાઈન કરાય છે. આ ઉદાહરણરૂપી તાડ ફળીયામાં બે માસ થી પીવાના પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી છે. તેનું જોઈન્ટ આપવામાં આવતું નથી. વોર્ડ નં.૧–૬ના મેમ્બરો એ પણ આ પીવાની પાઈપનું જોઈન્ટ આપવા માટે રજુઆતો કરી હોવા છતાં સત્તાપક્ષના સભ્યોનું કોઈ વઢતી નથી કારણ ટકાવારીરૂપી પ્રસાદ મળતું નહિ હોય આ કાર્ય થયા બાદ નવિન રોડ પણ બને તેવા આમ જનતાની માંગ મુજબના પીવાના પાણી માટે તરસાવે છે. ઘર ઘર નળ અને ઘર ઘર જળનું સૂત્ર કોણ સાર્થક કરી બતાવશે ? કારમા ઉનાળામાં આ વિસ્તાર એટલે વોર્ડ નં.૬ના તાડ ફળીયામાં વહેલીતકે પીવાના પાણીની સમસ્યા દુર કરવામાં આવશે કે પછી ભાગ બટાઉના ખેલ પડે તેવા કાર્યો કરવામાં આવે છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહયું છે. જેથી આમ જનતાના વોટ થી બની બેઠેલા સત્તાના ભૂખ્યા વરૂનોને આગળ આવતી ચુંટણી બરોબર પાઠ ભણાવવામાં આવે નવાઈ નહિ. તાડ ફળીયામાં નવિન પાઈપનું જોઈન્ટ આપવામાં કોને વાંકુ પડે છે. પાણી એ પણ કાળજા શેકી નાખે તેવી ગરમીમાં પીવાના પાણીની સમસ્યા હલ થતી નથી. તેના માટે નગર પાલિકાના સત્તાપક્ષ વિપક્ષ તો આખે આખું ભાજપમાં ભળી ગયું છે. તો પણ કેમ કાર્યો થતા નથી. કોને આ કાર્ય કરવા હેતુ નથી. તેના માટે સભ્યોને સમજી લેવું પડશે નહિ તો વોટની ચોટ ખાવા તૈયાર રહેવું તે વાત વોર્ટસે નકકી કરી લીધી છે.

## લીમખેડા મામલતદાર કચેરીના કંપાઉન્ડમાં દિપડો લટાર મારતો CCTVમાં કેદ થતાં લોકોમાં ફફડાટ



લીમખેડા,

લીમખેડા મામલતદાર કચેરીના પ્રાંગણમાં ગત સાંજે વન્ય પ્રાણી દીપડાએ લટાર મારતા સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો છાશવારે જંગલ વિસ્તારમાંથી શિકારની શોધમાં અવાર–નવાર દીપડાઓ રહેણાંક વિસ્તારમાં આવી પશુઓનું મારણ કરતા હોવાના બનાવો બન્યા છે.

લીમખેડા મામલતદાર કચેરીના પ્રાંગણમાં ગત સાંજે શિકારની શોધમાં આવી પહોંચેલા દીપડાએ લટાર મારતા સીસીટીવી કેમેરામાં આબાદ રીતે કેદ થયો હતો. મામલતદાર કચેરીને અડીને છે આશ્રમશાળાઓ તેમ જ આદર્શ અને મૉડેલ સ્કૂલ સહિતની ૩ થી ૪ જેટલી શાળાઓ આવેલી છે. તેથી મામલતદાર કચેરી પાસે પોલીસ પોઈન્ટ પણ મૂકેલો છે. ગત સાંજે પોલીસ પોઈન્ટ પર હાજર હોમગાર્ડ જવાને દીપડાનો ઘૂરકાટ સાંભળી ભયથી ફફડી ઉઠ્યો હતો અને દીપડા ઉપર નજર પડતા બૂમાબૂમ કરી હતી. અવાજ સાંભળી દીપડો કચેરીના પ્રાંગણમાંથી ભાગી છૂટયો હતો. તેથી સદનસીબે ફરજ ઉપર હાજર આ હોમગાર્ડના જવાનો નો બચાવ થયો હતો. વનવિભાગ દ્વારા પ્રાણીઓને પાણી પીવા માટે જંગલ વિસ્તારમાં બનાવવામાં આવેલા હવાડાઓ પણ કોરાધાકોડ પડ્યા છે. તેથી શિકાર અને પાણીની શોધ માટે વન્યપ્રાણી દીપડાઓ અવાર–નવાર રહેણાક વિસ્તારમાં આવી પહોંચતા હોય છે. તેથી મામલતદાર કચેરીના પ્રાંગણમાં દીપડાએ મારેલી લટારનો વિડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પાલ્લી અને લીમખેડા પંથકમાં ભય ફેલાયો છે. હાલમાં ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે ગ્રામીણ વિસ્તારોમાં લોકો ઘરના આંગણામાં બહાર ખુલ્લામાં નીંદર માણતા હોય છે, પરંતુ આ બનાવથી બહાર ઘરના આંગણામાં ખુલ્લામાં નીંદર માણતા ગ્રામીણજનોમાં ભય ફેલાયો છે.

# બ્લેક ફંગસના ઈન્જેક્શન મામલે રૂપાણી સરકારે હાઈકોર્ટમાં હાથ ખંખેર્યા





અમદાવાદ,

કોરોના અંગે ગુજરાત હાઈકોર્ટે હાથ ધરેલી સુઓમોટો કાર્યવાહીમાં રાજ્ય સરકારે સોગંદનામું રજૂ કર્યું છે. આરોગ્ય સચિવ જયંતી રવિએ મ્યુકોરમાઈકોસિસની પરિસ્થિતિ વિશે જવાબ આપતા કહ્યું છે કે રેમડેસિવિરની જેમ મ્યુકોરમાઈકોસિસની સારવાર માટે જરૂરી એમ્ફોટેરિસિન ઈન્જેક્શનના ઓર્ડર, સપ્લાય અને વિતરણ પર કેન્દ્ર સરકારનું નિયંત્રણ છે.

ઈન્જેકશનનો પુરવઠો સરકાર કેટલી ફાળવણી કરે છે તેના પર આધારિત રહેશે. આ ઉપરાંત રસીકરણ વિશે રાજ્ય સરકારે માહિતી આપી છે કે ૧૮થી ૪૫ વર્ષના વયજૂથ માટે રાજ્ય સરકારને ૬.૫ કરોડ રસીના ડોઝની જરૂરિયાત છે અને અત્યારે ૨.૫ કરોડ ડોઝનો ઓર્ડર રાજ્ય સરકારે આવ્યો છે.

મ્યુકોરમાઈકોસિસની પરિસ્થિતિ વિશે જવાબ આપતા ઉલ્લેખ કરાયો છે કે, આ રોગ ગંભીર છે પરંતુ જૂજ કિસ્સાઓમાં જ જોવા મળે છે અને તેને હાલ મહામારી તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

સારવાર માટે જરૂરી એમ્ફોટેરિસિન ઈન્જેકશનના વિતરમ વિશે કોર્ટે પૃચ્છા કરી હતી. જો કે રેમડેસિવિરની જેમ આ ઈન્જેક્શનના ઓર્ડર આપવા પર, સપ્લાય કરવા પર અને વિતરણ કરવા પર કેન્દ્ર સરકારનું નિયંત્રણ છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓ સુધી ઈન્જેક્શન પહોંચે તે માટે જિલ્લા તંત્ર અને કોર્પોરેશનના માધ્યમથી વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રસીકરમ વિશે સરકારે માહિતી આપી છે કે ૧૮થી ૪૫ વર્ષના વયજૂથ માટે રસીના ૬.૫ કરોડ ડોઝની જરૂર છે અને હાલ રાજ્ય સરકાર દ્વારા ૨.૫ કરોડ ડોઝનો ઓર્ડર આપવામાંઆવ્યો છે. આ ઉપરાંત ૪૫થી ઉપરના વયજૂથ માટે રસીના ૨.૯૦ કરોડ ડોઝની જરૂર છે, જેનો પુરવઠો કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે.

## દાહોદના ખંગેલા ગામે કાર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક પાછળ બેઠેલ મહિલાનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલા ગામે હાઈવે એક ટાટા ઈન્ડિગો ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એક મોટરસાઈકલ સવાર એક મહિલા સહિત બે જણાને અડફેટમાં લેતાં પાછળ બેઠેલ મહિલાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું મોત નીપજ્યાનું જાણવા મળે છે.

દાહોદ તાલુકાના તણસીયા ગામે નિશાળ ફળિયામાં રહેતાં રાકેશભાઈ કાળુભાઈ મછાર તથા તેમની પાછળ મંગીબેન અજયભાઈ મછાર બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ ખંગેલા ગામેથી ખારકુવા ક્રોસીંગ પાસે હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક ટાટા ઈન્ડિગો ફોર વ્હીલર ગાડીના ચાલકે રાકેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં રાકેશભાઈ અને તેમની પાછળ બેઠેલ મંગીબેનને જમીન પર ફંગોળાયા હતાં જેને પગલે મંગીબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે રાકેશભાઈ કાળુભાઈ મછારે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કોરોના ઈફેક્ટ ૭૭% ભારતીયોએ ખર્ચા પુરા કરવા લોન લીધી

ન્યુ દિલ્હી,

ભારતમાં મેડીકલ ઈમર્જન્સી, બાળકોનું શિક્ષણ, લગ્ન ખર્ચ પર્સનલ લોન લેવાના મુખ્ય કારણોમાં સામેલ છે, એનઆઈઆરે નામની એક કન્ઝયુમર ફાઈનાન્સ કંપનીએ એક સર્વે જાહેર કર્યો છે. જેના અનુસાર ૨૮ ટકા પર્સનલ લોન મેડીકલ ઈમર્જન્સી માટે લેવામાં આવે છે, જયારે ૨૫ ટકા ઘરની જરૂરીયાત જેમ કે બાળકોનું શિક્ષણ, ઘરનું રીનોવેશન અને લગ્ન ખર્ચ માટે લેવાય છે.રિપોર્ટમાં કહેવાયું છે કે મોટાભાગના લોકો ઠીક ઠીક પગાર મેળવે છે જેનાથી તેમનો રોજીંદો ખર્ચ પુરો થાય છે અને અચાનક થનારા ખર્ચ માટે તેમની પાસે કોઈ વધારાનું સંસાધન નથી હોતું. ૭૭ ટકા, લોકો તેના માટે અસુરક્ષિત પર્સનલ લોનનો ઉપયોગ કરે છે.

રીપોર્ટમાં એ પણ કહેવાયું છે કે ૪૧ ટકા લોકોએ લોન દાતાની પસંદગી માટે વ્યાજ દરને મુખ્ય માપદંડ ગણાવ્યો જયારે ૩૦ ટકાએ લોનની મુદત અને ૨૦ ટકાએ રકમ મળવાના સમયને ગણાવ્યો હતો.

રિપોર્ટ અનુસાર, ૮૭ ટકા લોકો પોતાના ફાઈનાન્સને જાતે સંભાળે છે, જેમાં ટેક્ષ રીટર્ન ફાઈલીંગ અને ઈએમઆઈને ટ્રેક કરવાનું સામેલ છે. ૫૫ ટકા લોકો નાણાંકીય માહિતી માટે પરિવાર અને મિત્રો પર આધાર રાખે છે. જયારે ૨૫ ટકા લોકો માહિતી માટે મીડીયા પર આધાર રાખે છે. ફકત પાંચ ટકા લોકો જ નાણાંકીય માહિતી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો સંપર્ક કરે છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે મોટાભાગના લોકો પાસે પારંપરિક પધ્ધતિઓ જેવી કે સેવીંગ એકાઉન્ટ, રોકડ, ફીકસ ડીપોઝીટ અને સોના સિવાય કોઈ બચત નથી. ૪૦ ટકા લોકો સોનામાં રોકાણને પ્રાથમિકતા આપે છે. ફકત ૧૨ ટકા લોકો પાસે શેર અથવા મ્યુચ્યલ ફંડ જેવા ઈકવીટી રોકાણો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 232

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરામાં એપેક્ષ લેબોરેટરી દ્વારા રિપોર્ટના ભાવ વધારે લેતાં સામાજીક કાર્યકર દ્વારા કલેકટરને લેખિતમાં રજૂઆત


APEX LABORATORY
Near X-Ray House,Opp Nagar Seva Sadan,
Kalal Darwaja, Godhra - 389001

Name: KARANBHAI HEMRAJANI
Place:
Ref By: Dr. Self

Bill No: 8858
Date: 17/05/2021
Ref. No: PI-8861-20

| Sr. | Name Of Test / Service | Amount |
|---|---|---|
| 1 | COVID ANTIBODY | 750 |
| 2 | Blood group | 80 |
| | Total | 830.00 |
| | Less Discount Rs.: | 30 |
| | Total Amount | 800.00 |
| | Paid Amount | 800.00 |
| | Due Amount | 0.00 |

Eight Hundred Only.

For, APEX LABORATORY
APEX LABORATORY


Sterling Accuris Wellness Pvt. Ltd.

Contacts No : 9104937017

Lab Id : 052121206861
Reg Date : 17-May-2021 18:51
Contact No : 7990419268

: Mr. Alangar Marchant - Male - 36 Yrs
: 212 - 212. LAB SAWPL GUJARAT DISHA GODHRA
: 212. Sterling Accuris Wellness Pvt. Ltd.@ Godhra
: Covid Total Antibody Test by CMIA

Note: Results may be delayed sometimes due to unavoidable reasons. Please be Patient.

Gross Bill Amount
Net Amount
Paid Amount
Balance to Pay

ગોધરા,
કોરોના મહામારીમાં સંક્રમણના કેસ વધતા કોરોના ટેસ્ટીંગ માટે રાજ્ય સરકાર દ્વારા ભાવ નિયત કરવામાં આવ્યા છે. પંચમહાલ જીલ્લામાં પણ કોરોનાકાળમાં પ્રજાને તકલીફ ન પડે તે માટે તમામ લેબોરેટરી ટેસ્ટીંગ ભાવ નકકી કરેલ છે. તેના અમલવારી ગોધરાની એપેક્ષ લેબોરેટરી દ્વારા કરવામાં આવતો નથી. શહેરની અન્ય લેબોરેટરીમાં સરકાર દ્વારા નકકી કરેલ ફી લેવામાં આવે છે. જ્યારે એપેક્ષ લેબ સંચાલક તબીબો દ્વારા મનમાન્યા ભાવ વસુલવામાં આવતા હોય જેને લઈ શહેરના સામાજીક કાર્યકર દ્વારા આરોગ્ય મંત્રીને આ ખાનગી લેબ વિરૂદ્ધ કાર્યવાહી માટે લેખિતમાં રજુઆત કરાઈ છે.

કોરોના મહામારીમાં કોરોના સંક્રમણના ભરડામાં રાજ્યના તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારો સપડાતા રાજ્ય સરકાર દ્વારા કોરોના ટેસ્ટીંગ માટે દર્દીઓની લુંટ ન કરવામાં આવે તેવા હેતુસર કોરોના ટેસ્ટીંગ માટેના ખાનગી લેબોરેટરીના ભાવ નિયત કરવામાં આવ્યા છે અને તમામ જીલ્લામાં તેની અમલવારી થાય તે માટે જીલ્લા કલેકટરને આદેશ આપવામાં આવ્યા હોય ત્યારે પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા પણ જીલ્લા અને ગોધરા શહેરના ખાનગી લેબોરેટરીમાં કોરોના ટેસ્ટીંગના સરકાર દ્વારા નકકી કરીને સુચવેલ ફી લેવા માટેના આદેશ કરવામાં આવ્યા હતા. તેની અમલવારી જીલ્લા અને ગોધરાની મોટાભાગની ખાનગી લેબોરેટરીના સંચાલકો દ્વારા કરવામાં આવે છે અને સરકાર દ્વારા નિયત કરેલ કોરોના ટેસ્ટીંગ રીપોર્ટ માટે ફી લેવામાં આવી રહી છે. જ્યારે બીજી તરફ ગોધરા નગર પાલિકા રોડ ઉપર આવેલ એપેક્ષ લેબોરેટરીના સંચાલક ડૉકટર દ્વારા સરકાર નિયત કરવામાં આવેલ કોરોના ટેસ્ટીંગ માટેની ફી કરતાં વધારે ફી વસુલવામાં આવી રહ્યો છે. ગોધરામાં અન્ય લેબોરેટરી અને એપેક્ષ લેબોરેટરીના ભાવનો તફાવત દેખીને શહેરીજનો તથા ગ્રામ્ય વિસ્તાર માંથી આવતા લોકો અસંમજસમાં મુકાઈ રહ્યા છે. ગોધરાની એપેક્ષ લેબોરેટરી દ્વારા કોરોના ટેસ્ટીંગ રીપોર્ટ માટે વસુલવામાં આવતાં ભાવને લઈ ગોધરાના સામાજીક કાર્યકર સંજયભાઈ ટહેલ્યાણી દ્વારા રાજયના આરોગ્ય મંત્રીને લેખિતમાં રજુઆત કરાઈ છે અને કોરોનાકાળમાં લુંટ ચલાવતી એપેક્ષ લેબ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહીની માંગ કરી છે.

# કાલોલ તાલુકામાં ૧૮૧ અભયમ ટીમે બાળલગ્નની વિધિ અટકાવી



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
પંચમહાલ જિલ્લામાં હજુ પણ જુની રીત રસમ પ્રમાણે સમાજના આગેવાનો દ્વારા સમાજના દિકરી-દિકરાનાં હાથ પીળા કરવાની રીતરસમમાં સમાજ અને માતા-પિતાની મર્યાદાને લઈ ને બાળકોનાં લગ્ન બાળપણમાં જ કરી તેમનો માથા પરનો બોજ હળવો કરવાં સરકાર દ્વારા નક્કી કરેલ ઉંમર કરતાં પહેલાં બાળકોનાં હાથ પીળા કરી કાયદાનું ઉલ્લંઘન કરતા કિસ્સાઓ બહાર આવતાં હોય છે. તાજેતરમાં કાલોલ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં હજુ પણ સાક્ષરતાનો અભાવ જણાય આવતો હોય છે. તેનું એક દ્રષ્ટાંત બહાર આવ્યું. ગામમાં એક સમાજનાં પરીવાર દ્વારા પોતાની દિકરીને સમાજના રીતરિવાજો પ્રમાણે ૧૭ વર્ષની ઉંમર એ જ દિકરીનાં માંગા આવતાં સારા પરીવારમાં પોતાની દિકરી પરણાવવાની ઉતાવળ કરી દિકરીનાં લગ્ન નક્કી કરી સોમવારના રોજ લગ્નની તૈયારી કરી લગ્નના પ્રથમ શ્રી ગણેશજીની પુજા વિધિ કરવાની તૈયારી થઈ રહી હતી. પરંતુ આ લગ્નને કોઈ અજાણ્યા વ્યકિત દ્વારા સરકારના ૧૮૧ અભયટીમને જાણ કરી હતી. જેનાં પગલે ૧૮૧ અભયટીમ આવાં અંતરીયાળ વિસ્તારમાં થવા જઈ રહેલાં બાળલગ્નના પરીવારજનોના ઘરે પોંહચી જતાં લગ્ન પ્રસંગમાં સૌપ્રથમ કરવામાં આવતી રીત રસમના પ્રથમ શ્રી ગણેશજીની વિધિ ચાલતી હતી. જયાં ૧૮૧ અભયટીમે દિકરીનાં બાળક લગ્ન અટકાવવા દિકરી સહિત તેનાં માતા-પિતાને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને ૨૬ તારીખના રોજ વડોદરા જિલ્લાના મંગેતર સાથે થવા જઈ રહેલાં લગ્ન અટકાવવાના પગલાં ભરતાં દિકરીનાં માતા-પિતા અને સગા સ્નેહીઓએ બાળલગ્ન નહીં કરે તેવી પોલીસ સ્ટેશનમાં બાંહેધરી લેખિતમાં આપી મામલો થાળે પડ્યો હતો.

## પંચમહાલ જિલ્લામાં કોરોનાના ઘટતા કેસ : મંગળવારે ૩૬ કેસ પોઝીટીવ

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૩૬ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૩૬૩ થવા પામી છે. ૭૯ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૭૮૯ થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૧૧, હાલોલમાંથી ૦૩ કેસ અને શહેરામાંથી ૦૪ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૪૪૨ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો ગોધરાના ગ્રામ્યમાંથી ૦૩ કેસ, હાલોલ ગ્રામ્યમાંથી ૦૪ કેસ, કાલોલ ગ્રામ્યમાંથી ૦૪, મોરવા હડફ ગ્રામ્યમાંથી ૦૫ કેસ, શહેરા ગ્રામ્યમાંથી ૦૨ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવતા કેસની સંખ્યા ૩૯૨૧ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૭૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૮૩૮૮ થવા પામી છે.

**પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતિ**

: શહેરી વિસ્તાર :
ગોધરા-૧૧
હાલોલ - 03
શહેરા - 0૪

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - 03
હાલોલ - 0૪
કાલોલ - 0૪
મોરવા(હ) - 0૫
શહેરા - 0૨

સક્રિય કેસ - ૭૮૯
રજા અપાઈ - ૭૯

## ગોધરાની મહિલાને વડોદરામાં સાસરીયા દ્વારા દહેજ માટે ત્રાસ આપતાં મહિલા પોલીસ મથકે ફરિયાદ

ગોધરા,
ગોધરાની મહિલાને વડોદરાના સાસરિયાઓ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપી કાઢી મુકતા મહિલાએ ગોધરા મહિલા પોલીસ મથકે સાસરિયાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ગોધરા શહેરના ભૂરાવાવ વિસ્તારમાં આવેલા ગુરૂદ્વારા પાસે રહેતા પૂનમબેન મુલચંદાણીના લગ્ન વડોદરાના સિંધ લોવર સોસાયટી, વારસીયાના કમલેશ જાનમેલાણી સાથે સિંધી સમાજ દ્વારા આયોજિત સમૂહ લગ્નમાં યોજાયા હતા. ત્યારબાદ લગ્ન ન કેટલાક સમય બાદ પૂનમના પતિ કમલેશ જાનમેલાણી, કૌશલ્યાબેન (સાસુ), જામનદાસ(સસરા), ટિકમદાસ (દિયર), સોનાબેન (દેરાણી) અને સુનિતા ઉર્ફે ગુડ્ડી (નણંદ) દ્વારા મહિલા ને જણાવતા હતા કે, તું તો ભિખારીની દીકરી છે. તારો બાપો દહેજમાં ૧૦ લાખ રૂપિયા આપશે તો જ અમે તને રાખીશું. તેમ કહી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. ત્યારે મહિલાએ સાસરિયાંઓને જણાવ્યું હતું કે, સમૂહ લગ્નમાં સિંધી સમાજ દ્વારા તેમજ મારા પિતા એ યથાશક્તિ મુજબ સોના-ચાંદીના ઘરેણાં અને ઘરવખરીનો સામાન આપ્યો છે. તો મારા પિતા બીજા ૧૦ લાખ રૂપિયા ક્યાંથી આપશે તેમ કહેતા પૂનમના પતિએ ગડદાપાટુનો માર માર્યો હતો. તેમજ ઘરના અન્ય સભ્યો પણ મેણા ટોણાં મારી તારે આ ઘરમાં રહેવાનું નથી. તેમ કહી ઘરમાંથી કાઢી મૂકી હતી. જેથી મહિલા એ પોતાને ન્યાય મળશેની આશાએ ગોધરા મહિલા પોલીસ સ્ટેશનના દ્વાર ખટ ખટાવ્યા છે. જેથી પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધરા શહેરના સાંઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા કોરોના કાળમાં લોક ઉપયોગી વિવિધ સેવાઓ કરવામાં આવી

ગોધરા,
કોરોના મહામારી સંદર્ભે સાંઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ ગોધરાના ફાઉન્ડર ચેરમેન ડો. યોગેશ જોષીના માર્ગદર્શન હેઠળ કોરોનામાં મૃત્યુ પામેલાની મિલકત વારસાઈ સંબંધિત અંગે સાંઈનાથ ડેવલોપર્સ પ્રબોધ વ્યાસ (બાપજી) મો. ૯૪૨૭૮ ૦૭૫૫૫ પેઢીનામું, વારસાઈ સોગંધનામું, ડેકલેરેશન અંગે માહિતી આપશે. કોરોનામાં મૃત્યુ પામેલ વાલીઓના ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીને શૈક્ષણિક માર્ગદર્શન અંગે સાર્થક કોચિંગ કલાસના હિરેનભાઈ દરજી સાંજના ૪ થી ૬ દરમ્યાન મો. ૯૮૯૮૦ ૨૨૮૨૧ પર માહિતી આપશે. કોરોના દર્દીઓની રોગપ્રતિકારક શકિત વધે તે માટે નર્સિંગ કોવિડ સેન્ટર તથા કોવિડ સેન્ટર નિશા હોસ્પિટલ, વેજલપુરના દર્દીઓને નારીયેળ અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત કોરોના ગરીબ દર્દીઓને સારવાર હેતુ દસ હજારની આર્થિક મદદ ટ્રસ્ટના પ્રમુખ ડો. પ્રિયેશ નાગરેચા તથા ઉપપ્રમુખ પ્રદિપ સોનીએ પૂરી પાડી હતી.

# શહેરા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો બિસ્માર


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
પાનમ પાટીયા થી પાનમ ડેમ તરફ ગઢ ગામ પાસેના ડામર રસ્તા પર આવેલા નાળા ઉપર મસ મોટો ભૂવો પડી ગયો છે. રસ્તા ઉપરનું નાળુ એક બાજૂથી જર્જરીત થવા સાથે વાહન ચાલકો માટે જોખમીરૂપ બની રહયો છે. હવે થોડા સમયમાં ચોમાસાની સીઝન શરૂ થશે. ત્યારે જવાબદાર તંત્ર આ નાળુ તુટે તે પહેલા સમારકામ કરે તેવી વાહન ચાલકોની માંગ ઉઠી છે.

શહેરા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો બિસ્માર બની ગયો છે. પાનમ પાટીયા થી ગઢ થઈ ને પાનમ ડેમ સહિત ૩૦થી વધુ ગામોને જોડતો ડામર રસ્તો પાછલા એક વર્ષ ઉપરાંત થી ખાડા પડી જવા સાથે વાહન ચાલકો માટે કમરતોડ સાબિત થઇ રહયો છે. ગઢ ગામ પાસે ડામર રસ્તા ઉપર આવેલા નાળા ઉપર મસ મોટો ભૂવો પડી ગયો છે. આ રસ્તા ઉપર દિવસ અને રાત્રી દરમિયાન પણ વાહન ચાલકોની સતત અવર-જવર રહેતી હોવા છતાં આર.એમ.બી.વિભાગ અહી કોઈ મોટી ઘટના બને તેની રાહ દેખી રહયુ હોય કે પછી શુભ મુહૂર્ત આવે ત્યારે ભૂવો અને જર્જરીત નાળાની કામગીરી કરશે કે શું ? અહીંથી પસાર થતા વાહન ચાલકો માટે આ રસ્તો જોખમીરૂપ બનવા સાથે બાઈક સ્લીપ પણ ખાવાના બનાવો બની રહયા હોય ત્યારે કોઈ મોટી ઘટના નાળા ઉપર પડેલ ભુવાના કારણે બને તે પહેલા સબંધિત તંત્ર પોતાની નૈતિક જવાબદારી સમજીને યુદ્ધના ધોરણે કામગીરી કરે તે અત્યંત જરૂરી છે.

- પાનમ પાટીયા થી પાનમ ડેમ તરફ ગઢ ગામ પાસે નાળુ બન્યુ વાહન ચાલકો માટે જોખમી.
- ડામર રસ્તાના નાળા ઉપર મસ મોટો ભૂવો પડ્યો..
- ડામર રસ્તો પાછલા એક વર્ષ ઉપરાંત થી ખાડા પડી જવા સાથે વાહન ચાલકો માટે કમરતોડ સાબિત થઈ રહયો.

# વેજલપુર ગામમાં BOB અને દેનાબેંક મર્જ થતાં ખાતાધારકોની ભારે ભીડ : ટોકન સીસ્ટમને કારણે અનેક ખાતેદારોને ધરમધકકા


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં આવેલ બેંક ઓફ બરોડા અને દેના બેંક મર્જ કરતા વેજલપુર તથા આજુબાજુ ગામના લોકોને ભયંકર કડકડતી ગરમીના અંદર તાપમાં લાઈનમાં ઉભુ રેહવુ પડે છે. જ્યારે બેંકના કર્મચારીઓ એસીમાં બેસે છે અને બેંકનો મેન ગેટની જાળી બંધ રાખે છે અને બે થી ત્રણ જેટલા ખાતા ધારકોને નંબર વાઈઝ પ્રવેશવામાં આવે છે. વેજલપુર ગામના બેંકના કર્મચારીઓ દ્વારા ટોકન સિસ્ટમની પ્રથા શરૂ કરવામાં આવી છે. ત્યારે બેંક દ્વારા ૧૦૦ જેટલા ટોકન સવારે વિતરણ કરવામાં આવે છે અને કેટલાક ખાતાધારકોને બેંકના ટોકન ન મળતા કેટલાક ખાતાધારકોને પોતાના રૂપિયા લીધા વગર પાછું ફરવાનો વારો આવે છે અને જેટલા બેંક દ્વારા ટોકન આપેલ હોય છે. તેવા લોકોને બેંક આગળ સીનયર સીટીજન પુરૂષ અને મહિલાઓને એકજ લાઈનમાં તાપમાં ઉભા રેહવાનોવારો આવે છે અને કેટલાક લોકોને ઉનાળાની ઋતુમાં તાપ થી બચવા બેંક આગળ આવેલ સર્કલ ઉપર લીમડાનો સહારો લેવો પડે છે. ત્યારે બેંકના કર્મચારીઓનું પેટનું પાણી હલતું નથી અને ખાતાધારકો પર રહેમ આવતો નથી. આવા કોરોના કપરાકાળમાં અનેક કર્મચારીઓ કોરોના વોર્યર તરીકે પ્રજાને આડે આવે છે. ત્યારે વેજલપુર ગામના બેંકના કર્મચારીઓને પોતાના ખાતાધારકોને છાંયડાની સુવિધા મહિલાઓ અને સીનયર સીટીઝન અને બાળકોને પાણી જેવી કોઈપણ પાયાની સુવિધાઓ પુરી પાડવામાં નિષ્ફળ દેખાય છે. ત્યારે વેજલપુર ગામના જાગૃત નાગરિક દ્વારા પી જી પોટલ ઉપર પણ ફરિયાદ કરવામાં આવી છે કે, નાની બેંક છે. તેને મોટી કરવી જોઈએ અને સીનયર સીટીઝન અને પુરૂષ- મહિલા અને સ્કૂલના બાળકોને એકજ લાઈનમાં ઉભા રાખતા હોવાથી અલગ લાઈન કરવા અને બેંકમાં આવતા ખાતાધારકોને પાસ બુકમાં એન્ટ્રી પાડવા બેંકમાં મળતી સુવિધાઓ પુરી પાડવા રજુઆત કરેલ હોવા છતાં આજદિન સુધી કોઈપણ સોલ્યુશન આવેલ નથી. જેથી વેજલપુર ગામના તથા આજુબાજુ ગામના લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે.

## ગોધરા બી ડીવીઝન પોલીસે ટ્રક માંથી ચોરેલ બે બેટરી સાથે આરોપીને ઝડપ્યો




ગોધરા,
ગોધરા બી ડીવીઝન પોલીસ મથકમાં બેટરી ચોરીની ફરીયાદ નોંધાવા પામી હતી. બેટરી ચોર સીસીટીવી ફુટેજમાં દેખાયેલ ઈસમ સ્ટેશન ધકકા સામે ઉભો છે. તેવી બાતમીના આધારે પોલીસે આરોપીને ઝડપી પાડી બે બેટરીને કબ્જે લેવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે બે ટ્રકની બેટરી ચોરીની ફરિયાદ નોંધાવા પામી હતી. ચોરી થયેલ વિસ્તારના સીસી ટીવી ફુટેજ ચેક કરતાં દેખાયેલ ઈસમ સ્ટેશન ધકકા પાસે ઉભો છે. તેવી બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે સુફીયાન ઉર્ફે ટેમ્પો યુસુફ પિત્તળ રહે.મુસ્લીમ સોસાયટીને ઝડપી પાડયો હતો. પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન તેના ઘરેથી ટ્રકની બેટરી નંગ-૨ કિંમત ૧૦,૫૦૦/-ને કબ્જે લઈને આરોપી વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ફાયર સેફ્ટી મુદ્દે હાઈકોર્ટે ઝાટકણી કાઢી, NOC ન હોય તેવી હોસ્પિટલમાં દર્દીને દાખલ કેમ કર્યા?'



અમદાવાદ,
ભરૂચ કોવિડ હોસ્પિટલમાં આગ અને ગુજરાતની અનેક હોસ્પિલોમાં લાગેલી આગની ઘટનાઓ મામલે આજે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી સુઓમોટો અરજી પર સુનાવણી થઈ છે. ફાયર સેફ્ટી મુદ્દે હાઈકોર્ટે ગુજરાત સરકારની ઝાટકણી કાઢીને ફ્રંઝ ન હોય તેવી હોસ્પિટલમાં દર્દીઓને દાખલ કેમ કર્યા? તેના વિશે જવાબ માંગ્યો હતો. બીજી બાજુ અમદાવાદમાં ફાયર NOC મામલે હોસ્પિટલ સીલનો મામલો પણ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. હાઈકોર્ટ દ્વારા આ સુનાવણીમાં કોર્પોરેશનની ઝાટકણી કાઢવામાં આવી હતી.

ચીફ ફાયર ઓફિસરે ગુજરાત હાઈકોર્ટમાં હોસ્પિટલમાં ફાયર NOC મામલે સોગંધનામુ કર્યુ હતું. ત્યારે હાઈકોર્ટે સવાલ કર્યો હતો કે, જે હોસ્પિટલ પાસે ફાયર NOC નથી તેમણે દર્દીને દાખલ કેમ કર્યા? ત્યારે હાઈકોર્ટમાં કોર્પોરેશનના એડવોકેટ મિહિર જોશીએ જવાબમાં જણાવ્યું હતું કે, AMCએ હોસ્પિટલ સામે પગલા લીધા છે. ફાયર NOC વાળી હોસ્પિટલ પાસે બીયુ પરમિશન ન હતી. તેમજ રહેણાંક મકાનમાં હોસ્પિટલ ઉભી કરાતા તેને સીલ કરાઈ હતી. વેલિડ બીયુ પરમિશન ન હતી તેથી સીલ કરાઈ છે.

હાઈકોર્ટ દ્વારા ફાયર NOC મામલે આકરા તેવર જોવા મળ્યા હતા. હાઈકોર્ટમાં હોસ્પિટલોએ રજૂઆત કરી છે. જેમાં નામદાર કોર્ટને રજૂઆત કરવામાં આવી હતી કે NOC હોવા છતાં મેટરનિટી હોસ્પિટલ સીલ કરાઈ છે. કોર્પોરેશન દ્વારા અમદાવાદમાં ૪૦૦ હોસ્પિટલ સીલ કરાઈ છે. હોસ્પિટલ પાસે BU પરમિશન નહોતી, જેના કારણે આ કાર્યવાહી કરી હોવાનું જણાવ્યું છે. અમુક હોસ્પિટલો રહેણાંક મકાનમાં ઉભી કરતા સીલ કરવાની ફરજ ફરજ પડી છે. બીજી બાજુ કોરોનાકાળમાં રાહત આપવા હોસ્પિ.ના વકીલે હાઈકોર્ટ સામે માંગ કરી છે.

ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી સુઓમોટો અરજીમાં ભરૂચની વેલ્ફેર હોસ્પિટલમાં ૧ મેના રોજ બનેલા મોટા અગ્નિકાંડમાં ૧૮ લોકોના કરૂણ મોત નિપજ્યા હતા. ભરૂચ પોલીસે ૯ ટ્રસ્ટીઓની ધરપકડ કરીને આ મામલે બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ipc ૩૦૪, ૩૩૭, ૩૩૮ હેઠળ ગુનો નોંધ્યો હતો. ફાયર NOC વિશે કાર્યવાહી કરતા જાણવા મળ્યું હતું કે પટેલ વેલ્ફેર હોસ્પિટલ પાસે ફાયર સેફ્ટી પ્રમાણપત્ર નહોતું.